# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૭ * માર્ચ, ૨૦૨૧






# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે જીવ ધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ (—પ્રશંસા) થાય છે, સર્વ લોક તેનો વિશ્વાસ કરે છે, વળી તે પુરુષ સર્વને પ્રિયવચન કહે છે જેથી કોઈ દુઃખી થતો નથી, તે પુરુષ પોતાના અને પરના દિલને શુદ્ધ-ઉજ્જ્વળ કરે છે, કોઈને તેના માટે કલુષતા રહેતી નથી તેમ તેને પણ કોઈના માટે કલુષતા રહેતી નથી, ટૂંકામાં ધર્મ સર્વ પ્રકારથી સુખદાયક છે. ૧૮૫૨. (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૨૯)

● દેવના ઈન્દ્ર, અસુરના ઈન્દ્ર અને ખગેન્દ્ર જે જે છે તે તે બધાનો જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ મૃત્યુ નાશ કરે છે. ચિંતામણિ વગેરે મણિરત્નો, મોટા મોટા રક્ષામંત્ર, તંત્ર ઘણાં હોવા છતાં મરણથી તે કોઈ બચાવી શકતું નથી. ૧૮૫૩.

(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૫, શ્લોક-૪)

● નિજાત્માને ધ્યાવતાં જે અનંત સુખ મુનિરાજ અનુભવે છે તે સુખ કરોડો દેવીઓ સાથે રમનારો ઈન્દ્ર પણ પામતો નથી. ૧૮૫૪.

(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૧, ગાથા-૧૧૮)

● યહ આત્મદર્શન ક્ષાયિક સ્વભાવ હૈ, અર્થાત્ ઈસસે કર્મોંકા ક્ષય હોતા હૈ. યહ ભાવ સંસારમેં ભ્રમણ કરનેવાલે દર્શનમોહ યા મિથ્યાત્વકો ક્ષય કર દેતા હૈ. ઈસ આત્મદર્શનકે પ્રભાવસે ઉદયમેં આનેવાલા મલિનભાવ ક્ષય હો જાતા હૈ. અર્થાત્ રાગદ્વેષ ઉત્પાદક કર્મ ગલ જાતા હૈ. ઈસસે સર્વ ભય દૂર હોતા હૈ યહી કેવલજ્ઞાનકા કારણ હૈ. ૧૮૫૫. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૬૩)

● કામધેનુ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ એ આધીન થઈને એક જન્મમાં જ ફળ આપે છે. પરંતુ હે દેવી ! (જિનવાણી માતા !) તું આ ભવમાં અને પરભવમાં પણ ફળ આપે છે, તો પછી ભલા વિદ્વાન મનુષ્યો તને તેમની ઉપમા કેવી રીતે આપે ? અર્થાત્ તું એમની ઉપમાને યોગ્ય નથી—તેમનાથી શ્રેષ્ઠ છે. ૧૮૫૬.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૧૯)

● ઈસ સંસારરૂપી સમુદ્રમેં ભ્રમણ કરનેસે મનુષ્યોંકે જિતને સંબંધ હોતે હૈં, વે સબ હી આપદાઓંકે ઘર હૈ. ક્યોંકિ અંતમેં પ્રાયઃ સબહી સંબંધ નિરસ હો જાતા હૈ, યહ પ્રાણી ઉનસે સુખ માનતા હૈ સો ભ્રમ માત્ર હૈ. ૧૮૫૭.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૯)

વર્ષ–૧૫
અંક–૭

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૭

March
A.D. 2021



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



**(સમયસાર ગાથા ૧૦૦ ઉપર પ્રવચન)**

## જ્ઞાનીનું જ્ઞાન

**જ્ઞાનીના જ્ઞાનમાં પરનું નિમિત્તકર્તાપણું નથી.**

પરનું નિમિત્તકર્તાપણું અજ્ઞાનીના ક્રોધાદિભાવોમાં છે. જ્ઞાનભાવરૂપે પરિણમતાં તે નિમિત્તકર્તાપણું પણ છૂટી જાય છે. ભાઈ, તારું સ્વરૂપ કેવું છે તેનો તું વિચાર તો કર. તો તને ખ્યાલમાં આવશે કે આમાં પરનું કર્તૃત્વ કોઈ રીતે સમાઈ શકે તેમ નથી. અરે, વિકારનું કર્તૃત્વ પણ જેમાં ન સમાય તેમાં પરના કર્તૃત્વની તો વાત જ કેવી ? વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા અને પરથી ભિન્નતા સમજ્યા વગર એક્કેય વાત સાચી સમજાય નહીં.

ચૈતન્યસ્વરૂપ આ આત્મા પરદ્રવ્યનો કર્તા કોઈ રીતે નથી. હવે અશુદ્ધ એવા યોગ ને ઉપયોગ કર્મમાં નિમિત્ત છે પણ જ્ઞાનીની શુદ્ધચેતના તો તે અશુદ્ધ યોગ-ઉપયોગથી જુદી છે એટલે જ્ઞાની તો નિમિત્તપણે પણ કર્મનો કર્તા નથી. અશુદ્ધ રાગાદિભાવોનો કર્તા અજ્ઞાની થાય છે, પણ પરદ્રવ્યનો કર્તા તો કોઈ આત્મા નથી. જ્ઞાનભાવે કે અજ્ઞાનભાવે પરનું કર્તૃત્વ કોઈને નથી. અજ્ઞાનભાવમાં પોતાના રાગાદિ વિકારનું કર્તાપણું છે, ને જ્ઞાનભાવમાં વિકાર રહિત પોતાના શુદ્ધભાવનું જ કર્તાપણું છે.

**બિરાજેલા કનક–મણિના શુભ્ર સિંહાસને ને,**
**‘હ્યાં ગર્જતા ગંભીર ગિરથી, નીલવર્ણા તમોને;**

કર્તાકર્મનું સ્વરૂપ સમજવા માટે વ્યાપ્ય-વ્યાપકપણાનો મહાન સિદ્ધાંત છે. તન્મયપણું હોય ત્યાં જ વ્યાપ્ય-વ્યાપકપણું હોય, ને જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં જ કર્તા-કર્મપણું હોય, કર્તા પોતે પોતાના કાર્યમાં પ્રસરીને તે રૂપે થાય છે. માટીના રજકણ પોતે ઘડારૂપ કાર્યમાં પ્રસરીને તે-રૂપ થાય છે તેથી તે તેનો કર્તા છે. પણ જો કુંભાર તેને કરે તો તે કુંભાર પોતે ઘડારૂપ થઈ જાય, એટલે કુંભારનું અસ્તિત્વ જ ન રહે. તેમ પુદ્ગલની કર્મ વગેરેરૂપ અવસ્થા, તેમાં તે પુદ્ગલો પ્રસરીને તે-રૂપે પોતે થાય છે, તેથી તે જ તેના કર્તા છે. જો ચેતનરૂપ જીવ તે જડકર્મને કરે તો તે પોતે જડરૂપ થઈ જાય, એટલે જીવનું અસ્તિત્વ જ ન રહે. અરે ભાઈ! અચેતનનો કર્તા થવા જતાં તારા અસ્તિત્વનો જ લોપ થઈ જાય છે. જડ-ચેતનના ભિન્ન અસ્તિત્વને ઓળખતાં કર્તા-કર્મની બુદ્ધિ છૂટી જાય છે. ને ચેતનતત્ત્વ પોતાના ચેતનભાવરૂપ કાર્ય વડે શોભી ઊઠે છે. આ કાર્ય તે મોક્ષમાર્ગનું કાર્ય છે, તે જ ધર્મીનું કાર્ય છે.

પરિણામી વસ્તુના પરિણામ—તે તેનો ધર્મ છે. તે પરિણામનો કર્તા બીજો હોઈ શકે નહિ. હવે જે પરિણામ થાય છે તેનો કર્તા ત્રિકાળી દ્રવ્ય અભેદપણે કહેવાય, પણ ખરેખર પર્યાયસ્વભાવથી જ તે પરિણામનું કર્તૃત્વ છે. જીવના પરિણામનો દાતા કોઈ બીજો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વસ્તુસ્વભાવ છે, જેમ દ્રવ્ય-ગુણના દાતા કોઈ નથી. તેમ પર્યાયનો દાતા કોઈ બીજો નથી.

આવો આત્મા, બીજાની સહાય વગર પોતે પોતાથી સ્વસંવેદન-પ્રત્યક્ષ થઈ શકે તેવો છે. પ્રત્યક્ષ થવાનો તેનો સ્વભાવ છે. પ્રવચનસારમાં તેનું સુંદર વર્ણન અલિંગગ્રહણના અર્થમાં કર્યું છે.

પોતાની જ્ઞાનપર્યાયપણે ઉપજતો જીવ તે પોતાના પર્યાયસ્વભાવથી જ તે રૂપે ઊપજ્યો છે, ગુરુ કાંઈ તેની જ્ઞાનપર્યાયના દાતા નથી. ઉપકારની ભાષામાં ભલે એમ કહેવાય કે ગુરુએ જ્ઞાન આપ્યું; પણ સિદ્ધાંતમાં વસ્તુસ્વરૂપ તેમ નથી.

જ્ઞાનસ્વરૂપી જીવ પોતે પોતાના સ્વરૂપથી જ ઉત્પાદ-વ્યયરૂપ પરિણમે છે. તે ઉત્પાદ-વ્યય-ધર્મ ધ્રુવને લીધે નથી, ને પરને લીધે પણ તે નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે—જ્ઞાનાનંદરૂપ આત્માનો સ્વભાવ જો વિકારને કરે તો વિકારનું કર્તૃત્વ કદી છૂટે નહીં. એટલે શુદ્ધસ્વભાવમાં તો વિકારનું કર્તૃત્વ નથી, અને તે સ્વભાવમાં જેની દૃષ્ટિ છે તે પણ વિકારનો કર્તા નથી.

| | |
|---|---|
| **ઉત્કંઠાથી ભવિજન રૂપી મોરલાઓ નિહાળે,**<br>**સુવર્ણાદ્રિ શિખરપર જાણે નવો મેઘ ભાળે! ૨૩.** | કલ્યાણમંદિર<br>અપરનામ<br>શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર |

આત્મા પરની પર્યાયને કરે તો આત્મા પરરૂપ થઈ જાય; પરચીજ આત્માના પરિણામને કરે તો તે પરવસ્તુ આત્મારૂપ થઈ જાય—આ રીતે બંને દ્રવ્યના અસ્તિત્વનો લોપ થઈ જાય. માટે પરિણામ-પરિણામીભાવથી દ્રવ્ય પોતે જ પોતાના પરિણામનું કર્તા છે; એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી.

દેવ-ગુરુને નિરંતર સેવવામાં આવવા છતાં, શિષ્યના જ્ઞાનપરિણામના દાતા તે દેવ-ગુરુ થઈ શકતા નથી. શિષ્યનો આત્મા પોતે જ પોતાના પરિણામસ્વભાવ વડે પોતાના જ્ઞાનપરિણમે ઊપજે છે; કોઈ બીજો તેનો દાતા નથી, કર્તા નથી. અજ્ઞાની જે પોતે જ્ઞાનપરિણામરૂપે નથી ઊપજતો, તે ભલે ગમે તેટલો વખત દેવ-ગુરુને સેવે તોપણ દેવ-ગુરુ તેને જ્ઞાનના દાતા થઈ શકતા નથી. જીવ પોતે જ્ઞાનપરિણામે સ્વયં પરિણમે ત્યારે જ તે જ્ઞાની થાય છે.

હવે ત્રિકાળી દ્રવ્યમાં પર સાથે નિમિત્ત-નૈમિત્તિકપણું પણ નથી. જો ત્રિકાળી દ્રવ્ય નિમિત્તપણે હોય તો તે કદી છૂટે નહિ, સદાય નિમિત્તપણે રહ્યા કરે એટલે તે સ્વભાવ થઈ જાય.—તો તો જીવને કર્મનું નિમિત્તપણું કદી છૂટે નહિ એટલે દ્રવ્યમાં પરનું નિમિત્તપણું માનનાર જીવને કદી સંસારથી છૂટકારો થતો નથી, કેમકે તેને પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ થવાનો અવકાશ જ ન રહ્યો.

હવે પર્યાયની વાત; પર્યાયમાં પણ યોગ અને ઉપયોગ (રાગાદિ અશુદ્ધભાવો) જ કર્મનાં નિમિત્ત છે; તે અશુદ્ધ યોગ-ઉપયોગ ક્ષણિક છે, તે ત્રિકાળ નથી. અને તે ક્ષણિક અશુદ્ધ યોગ-ઉપયોગનું કર્તૃત્વ અજ્ઞાનીને છે, જ્ઞાનીને તેનું કર્તૃત્વ નથી. માટે અજ્ઞાનીના જ યોગ અને રાગાદિભાવો કર્મના નિમિત્ત છે; ધર્મીને તો યોગ અને રાગાદિભાવો પોતામાં છે જ નહિ, તેને તો જ્ઞાન-આનંદસ્વરૂપ પોતાનો ભાવ છે, તેનો જ તે કર્તા છે; રાગાદિભાવો તો તેના જ્ઞાનથી જુદા પરજ્ઞેયમાં જાય છે.

અજ્ઞાની અજ્ઞાનભાવે પણ માત્ર રાગાદિનો કર્તા થાય છે; પરની અવસ્થાને તે કરતો નથી; પર સાથે નિમિત્તપણું તેના રાગાદિમાં છે, પણ તે પરમાં તન્મય થઈને તેને કરતો નથી. અજ્ઞાન છૂટતાં નિમિત્તકર્તાપણું પણ રહેતું નથી.

ધર્મીને પોતાની જ્ઞાનચેતનામાં રાગાદિ કે પર ચીજો જ્ઞેયપણે નિમિત્ત છે. પોતે તેનો કર્તાપણે નિમિત્ત નથી. પણ ઊલ્ટું તેઓ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તેને જાણે છે કે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

ઉંચે જાતા તુજ નીલ પ્રભામંડલેથી વિલોક!<br>
પત્રો કેરી દ્યુતિથકી થયો હીન અત્રે અશોક;




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૧૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૨૪ (ગાથા ૩૮)

## શ્રી સમયસાર-શાસ્ત્રની પ્રતિષ્ઠાનો વાર્ષિક મહોત્સવદિન

જીવે અનાદિથી સ્વભાવને જાણવાનો ઉદ્યમ નથી કર્યો તેથી આ વાત સમજવી તેને અઘરી ને મોંઘી લાગે, પણ ખરેખર આ પોતાના સ્વભાવની જ વાત છે તેથી સહજ અને સોંઘી છે. સ્વભાવ તો સહજ છે ને પરભાવ કઠણ છે, સ્વભાવ સુખદાયક છે ને પરભાવ દુઃખદાયક છે. જુઓ, અનાદિકાળથી અજ્ઞાનપણે સ્ત્રી-પુત્ર-શરીર-પૈસા વગેરેને પોતાના માનીને જીવ તેને રાખવા માંગે છે, પરંતુ કદી એક રજકણ પણ પોતાનો થયો નથી. પરને પોતાનું કરવું તે તો અશક્ય જ છે. અને પર્યાયમાં વિકાર કરી કરીને તેને પોતાનું સ્વરૂપ માન્યું, પરંતુ કદી પણ વિકાર પોતાના સ્વરૂપમાં પેસી ગયો નથી. ને એકને એક વિકારભાવ બીજા સમયે ટકી શકતો નથી. માટે વિકારને પણ જીવ પોતાનો કરી શકતો નથી. પરથી ને વિકારથી જુદો જે પોતાનો સ્વભાવ છે તે સદાય જયવંત છે, અનાદિથી તેનો કદી નાશ થયો નથી. માટે એવો પોતાનો સ્વભાવ જ મુમુક્ષુઓને ઉપાદેય છે; વારંવાર તેનું જ શ્રવણ કરવું, તેને જાણવો, તેને માનવો, તેનો વિચાર કરવો, તેનું મનન કરવું, તેનો અનુભવ કરવો. એ જ મુક્તિનો ઉપાય છે.

અનંતકાળ વિકાર પર્યાયમાં વીત્યો પણ કાંઈ સ્વભાવ જરાય વિકારી થઈ ગયો નથી અને વિકારભાવ આત્મામાં ભેગો થયો નથી; તેથી તેને ટાળવા માટે અનંતકાળ લાગતો નથી. વિકાર તો એક જ સમયનો છે, ઘણો કાળ ગયો માટે વિકાર પુષ્ટ થઈને વધી ગયો—એમ નથી. ગમે ત્યારે જીવ પોતાના સ્વભાવનો આશ્રય કરે ત્યારે તેને વિકાર ટળી જાય છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ'—ત્રણે કાળે મોક્ષનો ઉપાય એક જ છે કે પોતાની વસ્તુ અનાદિથી એવી ને એવી છે તેનો આદર કરવો ને પર્યાયબુદ્ધિ છોડવી. ખરેખર તો સ્વભાવનો આશ્રય-આદર કરે ત્યાં પર્યાયબુદ્ધિ સ્વયમેવ છૂટી જાય છે. પણ સમજાવવા માટે અસ્તિ-નાસ્તિથી કથન કરવામાં આવે છે. સ્વભાવનો આદર અને પર્યાયબુદ્ધિનો નાશ એ બંનેરૂપ (અસ્તિ-નાસ્તિરૂપ) પરિણમન એક જ સમયે છે; જ્યાં સ્વભાવનો આદર કરીને તેમાં પરિણમ્યો ત્યાં વિકારરૂપ પરિણમન થયું જ નહિ.

**વા નીરાગી! ભગવાન! વળી આપના સન્નિધાને,**
**નીરાગિતા નહિં અહીં કિયો ચેતનાવંત પામે? ૨૪.**

બધા સંસારી જીવોને પર્યાયમાં અશુદ્ધતા એક જ સમયપૂરતી છે; અનંતકાળ પહેલાં જે સિદ્ધ થયા તેમને ઓછી અશુદ્ધતા હતી ને અનંતકાળ પછી જે સિદ્ધ થયા તેમને વધારે અશુદ્ધતા હતી—એમ નથી, બંનેને એક જ સમયપૂરતી પર્યાયમાં અશુદ્ધતા હતી. પરંતુ અહીં તો 'પર્યાયમાં એક સમયપૂરતો વિકાર છે' એની વાત પણ નથી. એક સમયપૂરતી અશુદ્ધતા પોતાનું સ્વરૂપ છે એવી શ્રદ્ધા કરવી તે પણ મિથ્યાત્વ છે. તે અશુદ્ધતારહિત જે એકરૂપ નિરપેક્ષ શુદ્ધ પારિણામિકસ્વભાવ છે તેને શ્રદ્ધવો તે જ સમ્યગ્દર્શન છે.

આજે સમયસારની પ્રતિષ્ઠાનો પવિત્ર દિવસ છે. આ 'સમયસાર'ની જ વ્યાખ્યા ચાલે છે. શ્રીકુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં શ્રીસીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા, ને આઠ દિવસ ત્યાં રહીને, સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળીને પાછા ભરતમાં પધારીને આ સમયસાર, નિયમસાર, પ્રવચનસાર વગેરે મહાન શાસ્ત્રોની રચના કરી હતી. અહો! તેઓશ્રીએ આ શાસ્ત્રોદ્વારા ભરતક્ષેત્રમાં શ્રુતજ્ઞાનની પ્રતિષ્ઠા કરી છે, જ્ઞાનના ધોધ વહેવડાવ્યા છે. આ શાસ્ત્રના રહસ્યને જે પોતાના આત્મામાં સમજે તેને એવો શુદ્ધભાવ પ્રગટે કે એક ભવ કરીને મોક્ષે જાય.

પ્રશ્ન :—આ કાળે મોક્ષ તો થતો નથી, તો મોક્ષની વાત કેમ કરો છો?

ઉત્તર :—અરે ભાઈ! ભગવાને કાંઈ એમ નથી કહ્યું કે આ કાળે મોક્ષનો ઉપાય ન થઈ શકે! અત્યારે પણ સાચી સમજણ વડે આત્મામાં મોક્ષનો ઉપાય પ્રગટ કરીને એકાવતારી થવાય છે. જે પુરુષાર્થ કરે તેનો અલ્પકાળમાં મોક્ષ થયા વિના રહે નહિ. જેને જે વસ્તુની રુચિ હોય તે જીવ તેના કાળભેદને લક્ષમાં લેતો નથી, પણ તે માટેનો સમ્યક્-પુરુષાર્થ કરે છે. જ્યારે પણ આ મોક્ષદશા પ્રગટશે ત્યારે પોતાના આત્મામાંથી પ્રગટવાની છે કે બહારથી? આત્માનો સ્વભાવ અત્યારે જ પૂરો છે તેને જે માને તે જીવનો મોક્ષ થયા વગર રહે નહિ. અજ્ઞાનીને પોતાના વસ્તુસ્વભાવની કિંમત આવતી નથી તેથી તે પંચમકાળ વગેરેનાં બહાનાં બતાવે છે ને સ્વભાવનો પુરુષાર્થ કરતો નથી. અરે ભાઈ, પંચમકાળે વિકારનો પુરુષાર્થ તો થઈ શકે, ને સ્વભાવ તરફનો પુરુષાર્થ કેમ ન થઈ શકે?—અવશ્ય થઈ શકે છે. જો વસ્તુસ્વભાવની કિંમત થાય—તેની રુચિ ને મહિમા થાય—તો તેને જ ઉપાદેય સમજીને તેમાં એકાગ્રતા કરે, એટલે શુદ્ધતા પ્રગટે. આ જ મોક્ષનો માર્ગ છે.

એ રીતે આ ગાથામાં જણાવ્યું કે, જે અત્યંત આસન્નભવ્ય છે એવા જીવોને એક પોતાનો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, એ સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

અહીં ૩૮ મી ગાથા પૂરી થઈ. (ક્રમશઃ) ❊

**''ભો ભો ભવ્યો! અવધૂણી તમારા પ્રમાદો સહુને,**
**આવી સેવા શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને.''**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**ससरूवत्थो जीवो कज्जं साहेदि वट्टमाणं पि ।**
**खेत्ते एकम्मि ठिदो णियदव्वे संठिदो चेव ।।२३२।।**

જુઓ, પર્યાયના ઉત્પાદ-વ્યયમાં વિસદશપણું અને ધ્રુવમાં સદશપણું. પર્યાયમાં એકનો ઉત્પાદ અને બીજાનો વ્યય, એમ દ્વિરૂપતા છે, માટે વિસદશપણું છે અને ધ્રુવસ્વભાવ સામાન્ય સદશરૂપ છે. વિરુદ્ધસ્વભાવ અર્થાત્ ઉત્પાદ-વ્યય અને અવિરુદ્ધસ્વભાવ અર્થાત્ ધ્રુવ, પરંતુ તેમાં પહેલા સમયનું દ્રવ્ય બીજા સમયે પલટી ગયું છે. દ્રવ્ય પોતાના સ્વભાવથી જ પૂર્વ પર્યાયથી ઉત્તરપર્યાયરૂપ પરિણમિત થાય છે. આ પ્રમાણે અનાદિ-અનંત પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તતો થકો નવીન-નવીન કાર્ય કરે છે. તેમાં વસ્તુની સ્વતંત્રતાનો ઢંઢેરો છે. સંપૂર્ણ લોકના બધા પદાર્થોનું એવું જ સ્વરૂપ છે.

ઉપાદાન પણ છે અને નિમિત્ત પણ છે—એમ બંનેની અલગ-અલગ અસ્તિ છે. નિમિત્તને કારણે ઉપાદાનનું કાર્ય થયું—જો એમ હોય તો બંને વસ્તુઓનું અસ્તિત્વ જ અલગ-અલગ ન રહ્યું. જુઓ, વિકાર પણ પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને કારણે છે અને વિકારરહિત સિદ્ધદશા થાય છે, તે પણ પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ પરિણમે છે. સંસારદશામાં અથવા સિદ્ધદશામાં જીવ પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ પરિણમે છે; પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે પરિણમતો નથી. ઔદાયિકાદિ પાંચ ભાવો છે, તે જીવતત્ત્વના ભાવ છે. તે પોતાના જ કારણે છે, અન્ય વસ્તુ ભલે હોય પરંતુ તેના કારણે, તે ભાવ થતા નથી. અહો ! દિગંબર સંતોના કોઈપણ વચન લઈ લો તેમાં સ્વતંત્રતાનો જ ઢંઢેરો છે. ભાઈ! દિગમ્બર સંત તો જૈનદર્શનના સ્તંભ છે, આ સંતોએ જ સંપૂર્ણ જૈનદર્શનને ટકાવી રાખ્યું છે.

હવે, જીવ જો અન્યરૂપ થઈને કાર્ય કરે તો તેમાં દૂષણ દર્શાવે છે :—

**ससरूवत्थो जीवो अण्णसरूवम्मि गच्छदे जदि हि ।**
**अण्णोण्णमेलणादो एक्कसरूवं हवे सव्वं ।।२३३।।**

**માનું આવું ત્રણ જગતને દેવ! નિવેદનારો,**
**વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવદુંદુભિ ત્હારો. ૨૫.**

અર્થ :—જો જીવ પોતાના સ્વરૂપમાં રહીને પરસ્વરૂપમાં જાય તો પરસ્પર મળવાથી એકત્વ થવાથી બધાંય દ્રવ્યો એકસ્વરૂપ બની જાય; એ મહાન દોષ આવે. પરંતુ એમ એકસ્વરૂપ કદી પણ થતો નથી એ પ્રગટ છે.

જો જીવ પોતાના સ્વરૂપમાં રહીને પણ પરસ્વરૂપ થઈ જાય તો બે દ્રવ્ય એક જ થઈ જશે. જીવ અને શરીર બંને અલગ-અલગ વસ્તુઓ છે. તેમનો એકબીજામાં અભાવ છે, આ કારણે હકીકતમાં જીવ અને શરીર એક-બીજાને સ્પર્શ જ નથી કરતા. દરેક દ્રવ્ય પોત-પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે. કોઈ પદાર્થ બીજા પદાર્થ સાથે એકમેક થતો નથી.

કોઈ કહે છે કે આત્મા પરનો કર્તા નથી અને ઉપવાસના શુભરાગથી ધર્મ થતો નથી; માટે ભૂખ લાગે તો ખાઈ લેવું, તો તેને વસ્તુસ્વરૂપનું કાંઈ ભાન જ નથી. અરે ભાઈ ! આત્માથી પરવસ્તુનું ગ્રહણ-ત્યાગ થઈ શકતું નથી માટે 'ભૂખ લાગે તો જમી લેવું'—આ વાત તું લાવ્યો ક્યાંથી ? ભૂખ લાગે તો જમી લેવું—એમ જ્ઞાની નથી કહેતા. જ્ઞાની તો કહે છે કે ભાઈ ! આત્મા જ્ઞાનસ્વભાવી છે; તે જડ શરીરથી અને આહારથી ભિન્ન છે, માટે તે પરનું ગ્રહણ અથવા ત્યાગ કરી શકતો નથી, તો પછી 'ખાઈ લેવું'—આ વાત તું ક્યાંથી લાવ્યો ?

જો જીવ પરનું કાર્ય કરે તો જીવ પરવસ્તુની સાથે એકમેક થઈ જશે—આ મોટો દોષ આવશે. આત્મા અને જડ વસ્તુઓ અલગ-અલગ છે અને બંને પોત-પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ વર્તે છે. તેમાં કોણ કોનું કરે ? જીવ વધારેમાં વધારે રાગ કરી શકે પણ તે રાગથી તે કોઈ જડપદાર્થનું કાર્ય કરી શકતો નથી.

જુઓ, આ વસ્તુની સ્વતંત્ર મર્યાદા છે. કોઈ દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાનું ઉલ્લંઘન કરીને પરનું કામ નથી કરતો. આત્મા, શરીરનું કામ કરે તો આત્મા અને શરીર એક થઈ જશે. જો મનુષ્ય ઘોડાને ચલાવે તો મનુષ્ય અને ઘોડો એક થઈ જશે. જો આત્મા રોટલી ખાય તો રોટલી અને આત્મા એક થઈ જશે. પરંતુ એવું ક્યારેય થતું નથી. દરેક દ્રવ્ય પોત-પોતાના સ્વરૂપમાં રહીને પોતાનું કાર્ય કરે છે. આત્મા, વિકાર કરે છે, માટે તે જડકર્મમાં મળી જતો નથી, કારણ કે બે દ્રવ્ય ક્યારેય એકરૂપ થઈને પરિણમિત નથી થતા. કોઈ દ્રવ્ય ક્યારેય પણ બીજા દ્રવ્યરૂપ નથી થતા.

અહીં લોકમાં છ દ્રવ્યોનું વર્ણન કરીને, જીવની વાત વિશેષરૂપે લેવામાં આવી છે. કારણ કે છ દ્રવ્યમાં જીવને સમજાવવાનો છે. સમજવાવાળો જીવ છે. વસ્તુ પોતાના

**ત્હારા દ્વારા સકલ ભુવનો આ પ્રકાશિત થાતાં,**
**તારાવૃંદો સહિત શશિ આ સ્વાધિકારે હણાતાં;**

પરિણામમાં વર્તે છે; પરના પરિણામમાં વર્તતી નથી. જીવ પોતાના જ્ઞાનપરિણામમાં અથવા રાગપરિણામમાં વર્તે છે પરંતુ પરવસ્તુમાં તે વર્તી શકતી નથી. કોઈ જીવ સમવસરણમાં બેઠો હોય અને ભગવાનની વાણી સાંભળતો હોય, તો સાંભળતી વખતે જ્ઞાન પોતાના કારણે થાય છે અને વાણીના પરમાણુ પોતાથી ભિન્ન પરિણમિત થાય છે; આત્માનું જ્ઞાન ભિન્ન પરિણમિત થાય છે, કોઈ કોઈનો કર્તા નથી. જુઓ, જો જીવ આ વાત સમજી લે તો અનંત પરદ્રવ્યોથી ઉદાસીન થઈને પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈ જાય—તેનું નામ ધર્મ છે.

હવે, સર્વથા એકરૂપ માનવામાં દૂષણ દર્શાવે છે :—

**अहवा बंभसरूवं एक्कं सव्वं पि मण्णदे जदि हि ।**
**चंडालबंभणाणं तो ण विसेसो हवे कोवि ।।२३४।।**

અર્થ :—જો સર્વથા એક જ વસ્તુ માની બધુંય બ્રહ્મનું સ્વરૂપ માનીએ તો બ્રાહ્મણ અને ચાંડાલનો કાંઈ પણ ભેદ રહેતો નથી.

ભાવાર્થ :—સર્વ જગતને એક બ્રહ્મસ્વરૂપ માનીએ તો નાનાં રૂપ (ભિન્ન-ભિન્નરૂપ) ઠરતાં નથી. વળી 'અવિદ્યાથી નાનાં રૂપ દેખાય છે' એમ માનીએ તો એ અવિદ્યા કોનાથી ઉત્પન્ન થઈ તે કહો? જો 'બ્રહ્મથી થઈ' એમ કહો તો તે બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે? અથવા સત્‌રૂપ છે કે અસત્‌રૂપ છે? અથવા તે એકરૂપ છે કે અનેકરૂપ છે? એ પ્રમાણે વિચાર કરતાં ક્યાંય પણ અંત આવતો નથી; માટે વસ્તુનું સ્વરૂપ અનેકાન્ત જ સિદ્ધ થાય છે અને એ જ સત્યાર્થ છે.

જગતમાં દરેક પદાર્થ ભિન્ન-ભિન્ન છે, તેને સર્વથા એકરૂપ માનવાથી આવતા દૂષણ આ ગાથામાં બતાવે છે.

જગતમાં અનંત પદાર્થ છે, તે બધા સ્વતઃસિદ્ધ સ્વતંત્ર છે. કોઈને કોઈનો આધાર નથી. આત્મા, જ્ઞાન અને રાગને કરે છે પરંતુ શરીરાદિ પરનું કામ નથી કરતા. જો આત્મા પરનું કામ કરે તો તે પરથી ભિન્ન નહીં રહે, પણ પરની સાથે એકમેક થઈ જશે. એટલે કે વેદાંતની જેમ સર્વથા અદ્વૈત થઈ જશે અને આનાથી મોટો દોષ લાગશે.

(ક્રમશઃ) ❊

**મૌક્તિકોના ગણયુત ઉઘાડેલ ત્રિ છત્ર બ્હાને,**
**આવ્યો પાસે ત્રિવિધ તનુને ધારી નિશ્ચે જ જાણે. ૨૬.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૨, ગાથા ૧૩-૧૪)

## અમૂલ્ય માનવભવ પામીને આત્મશાંતિ પામો

હવે ફરી પાછું શિષ્ય પૂછે છે કે હે પ્રભુ ! ક્યા કારણે લોકોને નિકટની વિપત્તિઓ જોવામાં આવતી નથી ? આ સંયોગ છે, તેનો વિયોગ થઈ જશે તેમ કેમ નથી જોતા ?

સમાધાન :—આચાર્ય મહારાજ જવાબ આપે છે કે લોભના કારણે લક્ષ્મી આદિની ગૃદ્ધિ અને આત્માની રુચિ ન હોવાથી અજ્ઞાનીઓ નિકટની વિપત્તિઓને દેખી શકતા નથી.

आयुर्वृद्धिक्षयोत्कर्षहेतु कालस्य निर्गमं ।
वांछतां धनिनामिष्टं जीवितात्सुत्तरां धनम् ।।१५।।

આયુ-ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ,
પ્રાણોથી પણ લક્ષ્મીને, ઈચ્છે ધની અધિકાન. ૧૫.

ભાઈ, મનુષ્ય દેહનો આ એક એક સમય ચાલ્યો જાય છે. જેટલું આયુષ્ય નક્કી છે તેટલું જ રહેશે, તે એક સમયમાત્ર પણ વધશે નહીં. પણ મૂઢ માને છે કે મારો ક્ષય ભલે થાય પણ લક્ષ્મી કુટુંબ આદિ તો વૃદ્ધિ પામે છે ને ! શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષે બનાવ્યું છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં ઓહો ! એક પળ તમને હવો."

કહે છે કે અરે આત્મા ! તારી લક્ષ્મી, અધિકાર કે કુટુંબ વધવાથી શું વધ્યું ? તેથી તો સંસાર વધ્યો કે જેથી આ નર દેહને હારી જવાપણું થયું. પણ અજ્ઞાની કહે છે કે મારો કાળ ભલે ક્ષય થયો પણ આ તો વધે છે ને ! પણ ભાઈ ! બહારમાં તું હોંસ શાની કરે છે ? તે તો પર પદાર્થ છે. તેના વધવાથી સુખ માને છે પણ એ તો દુઃખ વધવાના રસ્તામાં તું સુખ માને છે, તે તારી મૂઢતા છે. વિવેકહીનતા છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે

ત્રિલોકોને બહુ બહુ ભરી પિંડરૂપી થયેલા,
જાણે કાંતિ–પ્રતપ–યશના સંચથી નિજ કેરા ?

તે આયુષ્ય ઘટતું જાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ તેના ઉપર નથી, તેને તેના આયુષ્ય કરતાં પણ લક્ષ્મી આદિ વધુ પ્રિય છે. જેને આત્માની નીરોગતા ને ચૈતન્યનો વિવેક નથી તેને બાહ્યની ચીજમાં એટલો પ્રેમ છે કે પાણીના રેલાની માફક આયુષ્ય ચાલ્યું જાય તોપણ તેની તેને દરકાર નથી. અહીં વાત એમ કહેવામાં આવે છે કે આ અમૂલ્ય માનવભવ મળ્યો તેમાં આત્મા આનંદઘન શુદ્ધ ચૈતન્ય છે તેનો અનુભવ કરવો, આત્માની શાંતિનું વેદન કરવું, આત્માની શ્રદ્ધા કરવી એ જ કરવાલાયક છે, પણ તે તું કરતો નથી ને બહારની વૃદ્ધિમાં જ તારી દૃષ્ટિ છે; તો તૃષ્ણામાં જ મરીને રાંકની માફક રોઈશ, ને પછી પસ્તાઈશ! તારા આત્માની દરકાર કર ભાઈ! બહારમાં તો જે થવાનું તે થવાનું, આનંદકંદ આત્મા પર દૃષ્ટિ હોવાથી જે શાંતિ મળશે તેવી બીજે ત્રણકાળમાં મળે તેવી નથી. પણ તેની તને કિંમત નથી ને બહારની તને કિંમત! તારો વિવેક ભ્રષ્ટ થઈ ગયો છે—નાશ થઈ ગયો છે. ધનપતિઓને જીવનની અપેક્ષાએ ધન વધારે મહત્ત્વનું લાગે છે.

લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિકને ધિક્કાર છે કે જેની મમતાના કારણે પોતાનું આયુષ્ય ચાલ્યું જાય છે! તેથી પરની મમતામાં જે ખોવાઈ ગયો છે તેને સ્વભાવની દૃષ્ટિ કરાવવા, પરની દૃષ્ટિ છોડાવવા કરુણાથી કહે છે કે પરનું જે થવાનું હશે તે થશે, હું પરનું શું કરી શકું? મારો આત્મા શુદ્ધ આનંદઘન છે તેમ તેની દૃષ્ટિ કરવામાં ને તેમાં સ્થિર રહેવામાં તારો સ્વતંત્ર પુરુષાર્થ છે, તેમાં કોઈની જરૂર નથી અને એ જ કરવાયોગ્ય છે એમ અહીં ઈષ્ટ-ઉપદેશ દેવામાં આવ્યો છે.

## કોઈપણ પ્રયોજનાર્થે પૈસા રળવામાં કાળ ગુમાવવો મૂર્ખાઈ છે

આ પૂજ્યપાદ સ્વામીનું ઈષ્ટોપદેશ છે. તેમાં અહીંયા કહે છે કે લક્ષ્મીના અર્થીઓ આયુષ્ય ઘટતું જાય છે તેમ જોતા નથી, પણ લક્ષ્મી આદિ વધે તેના ઉપર તેનું લક્ષ છે. આ મનુષ્યપણું ધર્મના સાધન માટે ગાળવું જોઈએ. પણ તેના બદલે લક્ષ્મી મેળવવામાં ગાળે છે. કેમકે લક્ષ્મી વ્યાજ કુટુંબ દીકરા વિગેરે વધે તેના ઉપર તેની દૃષ્ટિ છે કે જે મૂઢદૃષ્ટિ છે. આ મનુષ્યદેહ તો પુણ્યપાપના વિકાર રહિત આત્મસ્વભાવના સાધન માટે છે પરંતુ બંધ ભાવ માટે નથી. ચૈતન્યમૂર્તિ આત્મા કે જે બંધના ભાવ રહિત છે તેના શ્રદ્ધા જ્ઞાનથી આત્માનું સાધન કરવું તે કલ્યાણનો રસ્તો છે ને તેને માટે આ દેહ છે પણ તેને બદલે, આ મનુષ્યદેહનો અમૂલ્યકાળ ચાલ્યો જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી.

**માણિ ક્યો ને કનક રજતે એ રચેલા ગઢોથી,**
**વિભાસે છે ભગવન અહો! તું હી સર્વે દિશોથી. ૨૭.**

અહા ! આયુષ્યની સ્થિતિ ઘટતી જાય છે. છતાં આત્માના કલ્યાણ માટે જે પ્રયોગ કરવો જોઈએ તે તો અજ્ઞાની કરતો નથી. લક્ષ્મી આદિથી વૃદ્ધિ દેખે છે પણ આયુષ્ય ઘટે છે તે જોતો નથી. પૂર્વે બાંધીને જે આયુષ્ય લઈને આવ્યો છે તે આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. બાપુ ! તારી ગણત્રી કઈ જાતની છે ? ધર્માત્માને તો, અંતરસ્વરૂપના સાધન કરવા માટે મનુષ્યદેહ છે, આ ભવ ભવના અભાવ માટે છે—તેમ કહ્યું છે.

અરે ભાઈ ! તારું આયુષ્ય ઘટવા લાગ્યું છે, પૂર્વના પુણ્ય બળવા લાગ્યા છે, છતાં તું વૃદ્ધિ માને છે ! કેવી ગણત્રી છે તારી ! અહા ! ધર્મનું સાધન તો કર્યું નહીં પણ પુણ્યના પણ તારા ઠેકાણા નથી. અહો ! પોતાના જીવનથી પણ ધન વધુ વહાલું લાગે છે ! સ્ત્રી, કુટુંબ આદિ વધુ સારા લાગે છે પણ તે વ્યામોહ છે, તારી મૂઢતા છે તેવા વ્યામોહને ધિક્કાર હો ! અનાદિનું આવું ને આવું ચાલ્યું આવે છે. મૂઢતા જ કરી  છે. અરે ! જે પુણ્યને લઈને આવ્યો હતો તેને એટલાપણે પણ રાખ્યા નહીં ને પાપ વધાર્યા ! વૃદ્ધિમાં તો આયુષ્ય ઘટાડ્યું ને છતાં વૃદ્ધિ માને છે તે તારી ગણત્રીમાં ફેર છે. ભાઈ ! તારા ગજના માપ જુદા છે—ખોટા છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

આ કાળે આવા યોગ—ઉપયોગ જ્ઞાનથી ભિન્નપણે વર્તે છે, ને પરનાં કાર્ય પરમાં વર્તે છે. મારી જ્ઞાનપરિણતિ મારામાં વર્તે છે. પર સાથે કે રાગાદિ સાથે તેનો સંબંધ નથી.—આમ જ્ઞાનીની પરિણતિ તો ઊંડે ઊંડે અંદર આત્મામાં ઊતરી ગઈ છે, તેમાં બહારનું નિમિત્તપણું પણ નથી.

સામે વસ્તુમાં કાર્ય તો થાય જ છે—તે તેનું ઉપાદાન છે. અહીં જ્ઞાની પોતાના ઉપાદાનથી જ્ઞાનભાવરૂપે પરિણમ્યો, તેને તો પર સાથે નિમિત્તકર્તાનો આરોપ પણ ન રહ્યો. કર્તાનો આરોપ કોને આવે ? પોતામાં રાગાદિ, અશુદ્ધભાવને ઉપાદાનપણે જે કરે છે તે જ બીજાનો નિમિત્તકર્તા છે, એટલે અજ્ઞાનીનો અશુદ્ધભાવ જ પરના કાર્યમાં નિમિત્ત છે. ધર્મીને પોતાના ઉપાદાનમાં રાગાદિ તો છે નહિ, તેને તો શુદ્ધભાવનું જ કર્તૃત્વ છે, તેથી પરના કાર્યમાં  નિમિત્તપણાનો આરોપ પણ તેને આવતો નથી.


(ક્રમશઃ) ❋

**તારા પ્રાદે નમન કરતા ઇન્દ્રના શેખરોને,**
**છોડી, રત્ને વિરચિત છતાં, ઇન્દ્રની પુષ્પમાળા;**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા - ૨)



# તારા કલ્યાણ માટે ભાવશ્રવણ કર...ને તારી ભૂલ છોડ

ताहि सुनो भवि मन थिर आन, जो चाहो अपनो कल्याण ।
मोह-महामद पियो अनादि, भूल आपको भरमत वादि ।।२।।

માત્ર 'સાંભળો' એમ નહિ પણ સ્થિરચિત્ત થઈને સાંભળો, ને હિતના અભિલાષી થઈને સાંભળો કે અહો, આ મારા હિતની કોઈ અપૂર્વ વાત છે. સાંભળવા બેઠો હોય ને મન તો જ્યાંત્યાં ભમતું હોય તો તેને શ્રવણનો લાભ થાય નહિ. સમયસારમાં કહ્યું છે કે જગતનો બીજો બધો કોલાહલ છોડીને, બધા વિકલ્પો છોડીને એક ચૈતન્યસ્વરૂપના અનુભવનો જ અંતરમાં અભ્યાસ કરે તો જરૂર તેને આત્મઅનુભવ થાય. કેટલા વખતમાં થાય?—તો કહે છે કે વધુમાં વધુ છ મહિનામાં થાય. કોઈને એથી અલ્પકાળમાં પણ થઈ જાય.

હવે કહે છે કે સંસારમાં અત્યાર સુધી જીવે શું કર્યું? તે દુઃખ કેમ પામ્યો?—"मोह-महामद पियो अनादि, भूल आपको भरमत वादि" જુઓ, આ દુઃખનું મૂળકારણ બતાવીને પછી તે ટાળવાનો ઉપાય કહેશે. 'भूल आपको' એટલે કે પોતે પોતાના આત્માને ભૂલીને અનાદિથી જીવ સંસારમાં ભમી રહ્યો છે. મિથ્યાત્વરૂપી મહામદ પીધો છે તેથી પોતે પોતાને ભૂલીને જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.'—પોતાની ભૂલથી જ જીવ દુઃખી છે. ભૂલ કેટલી? કે પોતે પોતાને ભૂલી ગયો, ને પરને પોતાનું માન્યું—એટલી. આ ભૂલ કાંઈ નાની નથી પણ સૌથી મોટી ભૂલ છે. પોતાની આવી મહાન ભૂલથી બેભાનપણે જીવ ચાર ગતિમાં ભમે છે; પણ કોઈ બીજાએ તેને દુઃખી કર્યો કે કર્મોએ તેને રખડાવ્યો—એમ નથી. સીધી ને સાદી વાત છે કે જીવ પોતે પોતાના સ્વરૂપને ભૂલીને પોતાની જ ભૂલથી રખડ્યો ને દુઃખી થયો. સાચી સમજણ વડે તે ભૂલ ભાંગે તો તેનું દુઃખ મટે. બીજા કોઈ ઉપાયે દુઃખ મટે નહિ. માટે મિથ્યાત્વ ટાળવું ને સમ્યગ્દર્શન કરવું એ સર્વે સંતોની પહેલી શિક્ષા છે.

**સેવે તારા પદયુગલને, તો પછી ભવ્ય સુમના,**
**તારા સંગે, જરૂર જિનજી ! અન્ય સ્થાને રમે ના. ૨૮.**

"અજ્ઞાની જીવ બાહ્ય સામગ્રીને દૂર કરવાના કે ટકાવી રાખવાના ઉપાય કરીને દુઃખ મટાડવા ને સુખી થવા ઇચ્છે છે—પણ એ બધા ઉપાય જૂઠા છે. તો સાચો ઉપાય શો છે? સમ્યગ્દર્શનાદિથી ભ્રમ દૂર થાય તો સામગ્રીથી સુખ–દુઃખ ન ભાસતાં પોતાના પરિણામથી જ સુખ–દુઃખ ભાસે. વળી યથાર્થ વિચારના અભ્યાસ વડે પોતાના પરિણામ જેમ એ સામગ્રીના નિમિત્તથી સુખી–દુઃખી ન થાય તેમ સાધન કરે. અને સમ્યગ્દર્શન આદિની ભાવનાથી જ મોહ મંદ થતાં એવી દશા બની જાય કે અનેક કારણ મળવા છતાં પણ પોતાને તેમાં સુખ–દુઃખ ભાસે જ નહિ; એક શાંતરસરૂપ નિરાકુળ બની સાચા સુખને અનુભવે તો જ સર્વ દુઃખ મટીને સુખી થાય. માટે એ સમ્યગ્દર્શનાદિ જ સુખી થવાનો સાચો ઉપાય છે."

(મોક્ષમાર્ગપ્રકાશક)

સંસારમાં રખડતા જીવે અનાદિથી મિથ્યાત્વરૂપી મોટો દારૂ પીધો છે, જેમ દારૂ પીધેલો માણસ પોતાનું ભાન ભૂલી જાય તેમ મોહરૂપી દારૂને લીધે પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલીને બેભાનપણે ચાર ગતિમાં જીવ ભમે છે. જેમ શુદ્ધ જ્ઞાન–આનંદસ્વરૂપ અનાદિથી છે, તેમ પર્યાયમાં મોહદશા પણ જીવને અનાદિથી ચાલી આવે છે, પણ તે તેનું ખરું સ્વરૂપ નથી એટલે ટળી શકે છે. જે ખરું શુદ્ધસ્વરૂપ છે તેને ભૂલીને મિથ્યાત્વરૂપી આકરો દારૂ પીધો, એટલે જેમ દારૂડિયો ભાન વગર જ્યાં ત્યાં ગંદકીમાં રખડે તેમ મોહથી બેભાનપણે જીવ ચારે ગતિમાં જ્યાં ત્યાં રખડે છે,—કોઈવાર ભીખારી તો કોઈવાર રાજા, કોઈવાર દેવ તો કોઈવાર નારકી, કોઈવાર હાથી તો કોઈવાર એકેન્દ્રિય—એવી દશામાં ભટકી રહ્યો છે ને દેહને જ પોતાનું રૂપ માનીને મહા દુઃખી થઈ રહ્યો છે. કેટલાક માણસો એવા હોય છે કે આખો દિ' કાળીમજૂરી કરી કરીને માંડ પાંચ રૂપિયા કમાય, ને પછી રાતે બેત્રણ રૂપિયાનો દારૂ પીને ગાંડા થઈને ફરે! ઘરમાં ખાવાનુંય પૂરું ન હોય પણ દારૂ વગેરે પાછળ પૈસા ખરચીને દુઃખી થાય. તેમ સંસારમાં રખડતો જીવ માંડમાંડ ક્યારેક મનુષ્યપણું પામે, પણ દેહબુદ્ધિરૂપી મોહમદિરામાં તે ગુમાવીને સંસારમાં ક્યાંય ચાલ્યો જાય છે. જેમ કોઈ દયાળુ પુરુષ દારૂડિયાને જગાડે કે અરે ભાઈ, તને આ નથી શોભતું...આ ટેવ છોડ...ને તારા ઉત્તમ ઘરમાં જઈને રહે...તેમ અહીં શ્રીગુરુ દયાળુ થઈને મોહી જીવોને દુઃખથી છોડાવવા માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપે છે.

કોને આ ઉપદેશ આપે છે? જીવને ઉપદેશ આપે છે, કેમકે જીવની પોતાની ભૂલ છે. કર્મને ઉપદેશ નથી દેતા કે હે કર્મ! તું જીવને હેરાન કર મા. જો કર્મ રખડાવે ને કર્મ

**જન્માબ્ધિથી વિમુખ વરતે તોય તું જિનરાજ?**
**તારે છે જે સ્વપીઠ પર લાગેલ પ્રાણી સમાજ;**

તારે, તો તો પછી જીવને કરવાનું જ શું રહ્યું? ને જીવને ઉપદેશ દેવાનું પણ ક્યાં રહ્યું? એક તો જીવે પોતે મોહરૂપ ભૂલ કરી છે ને પાછો તે કર્મ ઉપર ઢોળે છે,–તે બેવડી ભૂલ છે. પોતાની ભૂલ સમજશે તો સાચા ઉદ્યમ વડે તે ભૂલને ટાળશે. પણ કર્મે ભૂલ કરાવી એમ માને તો તે ટાળવાનો ઉપાય પોતે કેમ કરશે? માટે આ વાત તો પહેલાં જ સમજવી કે જીવ પોતાની જ ભૂલથી રખડ્યો છે, ને પોતે જ તે ભૂલ ટાળીને ભગવાન થઈ શકે છે.

જીવ રખડ્યો કેમ?..........કે ભૂલથી. ભૂલ કોની?..........કે પોતાની.

શું ભૂલ?..........કે પોતાના સ્વરૂપને ભૂલ્યો ને પરને પોતાનું માન્યું તે ભૂલ. એ ભૂલ કેમ ટળે?...સ્વ-પરનું ભેદજ્ઞાન કરે તો.

પાઠશાળામાં નાના બાળકોને પણ આ વાત શીખવવી કે—

"જીવ અજ્ઞાનથી હેરાન થાય છે; કર્મો જીવને હેરાન કરતા નથી.

જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે; કર્મો જીવને દુઃખી કરતા નથી.

જીવની ઓળખાણ કરવી, કર્મનો વાંક કાઢવો નહિ.

જીવની ઓળખાણ કરવી તે ધર્મ છે. કર્મનો વાંક કાઢવો તે અધર્મ છે."

(જૈન બાળપોથી પાઠ-૧૯)

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

પરદ્રવ્ય અનુસાર મોક્ષ નથી. વળી કાળને સ્વપર્યાય કહો તો પોતાની પર્યાયને અનુસરવાથી પણ મોક્ષ નથી. પોતાની પર્યાય નિમિત્ત, રાગ કે બીજી પર્યાયને અનુસરતી નથી પણ સ્વભાવને અનુસરે છે. મોક્ષમાર્ગીનું ધ્યાન ક્યાં છે? કાળ ઉપર છે? ના, પર્યાય ઉપર છે? ના, માત્ર દ્રવ્ય ઉપર લક્ષ છે. આમ દ્રવ્ય ઉપર લક્ષ હોવાથી દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું દ્રવ્ય તરફ વળવું તે તેનું ફળ છે. એકલા કાળ તરફ વળવું તે તેનું ફળ નથી. કોની કાળલબ્ધિ? કાળની પ્રાપ્તિ એટલે શું? પરદ્રવ્યની પ્રાપ્તિ? વિકલ્પની પ્રાપ્તિ? ના. કાળલબ્ધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ. તે ક્યારે થાય? સ્વભાવ તરફ વળે તો થાય તેમ છે. (ક્રમશઃ) ❊

**તે તું પાર્થિવ નીરૂપને યુક્ત નિશ્ચે જ અત્રે,**
**તું આશ્ચર્ય ! પ્રભુ ! કરમવિપાક વિહીન વર્તે ! ૨૯.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૧૦) આત્માના, જ્ઞાન દર્શનાદિ ગુણો છે. તેવા વીતરાગી અંશો પ્રગટે છે તે મોક્ષમાર્ગ સાધક છે. નવમા બોલમાં પર્યાયસહિત દ્રવ્ય લીધેલ છે. અહીં ગુણથી વાત લીધી છે. તે મોક્ષમાર્ગ સાધક છે ને મોક્ષ સાધ્ય છે. ધ્યેય તો આત્મા છે તેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અહીં ઉદાહરણ આપ્યાં છે. મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષ થાય છે માટે તે વ્યયને સાધક અને મોક્ષને સાધ્ય કહેલ છે. ઉત્પાદનું ધ્યેય તો કારણપરમાત્મા છે, તે મૂળવસ્તુ છે, પણ કઈ પર્યાયનો વ્યય થઈને કઈ પર્યાય પ્રગટે છે તેનું જ્ઞાન કરાવે છે.

જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રના અંશો પ્રગટ્યા તે મોક્ષમાર્ગ સાધક છે ને તે પર્યાય ટળીને જ્ઞાનાદિની પૂર્ણદશા પ્રગટવી તે તેનું ફળ છે.

(૧૧) ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાન-ચારિત્ર જઘન્ય છે. સ્વભાવસન્મુખ થયેલો જ્ઞાનાદિભાવ સાધક છે—તે પર્યાય ટળીને અભેદ પોતે જ જ્ઞાનાદિ ગુણનો ઉત્કૃષ્ટભાવ સાધ્ય છે. જઘન્યભાવ ટળીને ઉત્કૃષ્ટભાવ થશે એમ કહે છે. આ અનુભવની વાત છે. આ પર્યાય ટળીને આ પર્યાય પ્રગટશે એમ જાણે તો અનુભવ થાય. આ સુખી થવાની વાત ચાલે છે. અનાદિકાળથી પોતાના ચૈતન્યનિધિને સંભાળતો નથી ને બહારમાં ધ્યાન રાખે છે. જ્ઞાનાદિની હીણી પર્યાય ટળીને ઉત્કૃષ્ટ પર્યાય થશે ને કેવળજ્ઞાનરૂપે જ્યોતિ પ્રગટશે, માટે જઘન્ય જ્ઞાન સાધક ને જ્ઞાનનો ઉત્કૃષ્ટ ભાવ સાધ્ય છે.

(૧૨) જ્ઞાન-દર્શન વગેરેની અલ્પ નિશ્ચયપરિણતિ સાધક છે ને તે ટળીને પૂર્ણ અવસ્થા થશે તે સાધ્ય છે. ખરેખર સાધ્ય તો આત્મા છે, દ્રવ્ય-ગુણ એવા ને એવા છે, પણ પર્યાયના ભેદ બતાવ્યા છે. અલ્પ પરિણતિ સાધક ને પૂર્ણ પરિણતિ સાધ્ય છે.

(૧૩) આત્માની પ્રતીતિ સાધક છે ને સમ્યગ્દર્શન-ચારિત્ર સાધ્ય છે. સમકિતના ફળમાં રાજ્યપદ કે દેવપદ આવતું નથી. તેના ફળમાં ત્રણની એકતારૂપ ફળ આવે છે.

તું વિશ્વેશો દુરગત છતાં લોકરક્ષી! કહાવે !
વા સ્વામી ! તું અલિપિ તદપિ અક્ષર સ્વસ્વભાવે !

પુણ્ય ફળવું તે સમકિતનું ફળ નથી. સમકિતી રાગનું જ્ઞાન કરે છે પણ રાગ ધ્યેય નથી, નિર્મળતા વધવી તે ધ્યેય છે.

આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતારૂપી ધર્મને અનુભવપ્રકાશ કહે છે. જે કારણો અહીં બતાવે છે તેનું યથાર્થ જ્ઞાન થયા વિના અનુભવ ન હોય.

(૧૪) આત્મા શુદ્ધ ચિદાનંદ છે. તેની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ દશા થવી તે ગુણમોક્ષ છે. આત્માના અનંત ગુણોની નિર્મળતા થઈ, પછી તેને કર્મનો નાશ થઈ દ્રવ્યમોક્ષ થાય છે. અર્થાત્ સિદ્ધદશા થાય છે. માટે ગુણમોક્ષ સાધક છે ને દ્રવ્યમોક્ષ સાધ્ય છે.

(૧૫) આત્મામાં એવો જોરથી પુરુષાર્થ ઉપાડે કે તે જ ભવમાં કેવળજ્ઞાન પ્રગટાવે તેને ક્ષપકશ્રેણી કહે છે. તેમાં કર્મનો ક્ષય થાય છે. તેવી શ્રેણીવાળાને તે જ ભવે સાક્ષાત્ મોક્ષ થાય છે. ઉપશમશ્રેણીવાળાને ભવ બાકી રહે છે, આત્મામાં ક્ષાયિક શ્રદ્ધા પ્રગટ કરી ઉગ્ર પુરુષાર્થ કરે તેને કેવળજ્ઞાન થાય જ છે. માટે ક્ષપકશ્રેણી સાધક ને તદ્ભવમોક્ષ સાધ્ય છે.

(૧૬) દ્રવ્યથી નગ્ન દિગંબર દશા ને ભાવથી સ્વરૂપની પ્રાપ્તિનો લાભ અંતરમાં ત્રણ કષાય ટળી અકષાયદશા થવી તેવો સાક્ષાત્ દ્વૈત વ્યવહાર સાધક છે. તેનાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. શરીરની નગ્ન દશા વિના મોક્ષ થાય નહિ ને રાગ વખતે પાંચ મહાવ્રતના પરિણામ હોય ને તે વખતે અકષાય પરિણતિનો લાભ હોય. કોઈ કહે કે શરીરની નગ્ન અવસ્થા હોય ને અંતરપરિણામ મિથ્યાત્વના હોય ને મોક્ષ થાય, તો એમ નથી. વળી પરિણામ મુનિના હોય ને બાહ્યથી વસ્ત્રસહિતપણું હોય તેમ બને નહીં. ગમે તે લિંગે કેવળજ્ઞાન થાય તેમ બને નહિ. આમ અંતર વીતરાગતા ને બાહ્ય નગ્નપણું પાંચમહાવ્રતાદિ હોય તેને મુક્તિ થાય છે.

(૧૭) જ્યાં ચિત્તનો સંગ સર્વથા છૂટી જાય તેને સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત થયા વિના રહેતી નથી. મનના સંગના વિલયથી પરમાત્મા સાધ્ય છે. અંતર્જલ્પ-વિકલ્પનું છૂટી જવું તે સાધકદશા છે ને પરમાત્મદશા સાધ્ય છે.

(૧૮) જ્યાંસુધી જીવમાં વિકાર થાય છે, ત્યાંસુધી પુદ્ગલકર્મ નિમિત્ત છે ને તે કર્મો ખરે છે ત્યારે જીવમાં વિકારની લાયકાત હોતી નથી. કર્મનું નિમિત્ત નથી ત્યારે

**અજ્ઞાનીમાં તમ મહિં નકી સર્વદા કો પ્રકાર,**
**જ્ઞાન સ્ફુરે ત્રણ જગતને હેતુ ઉદ્યોતનાર!!! ૩૦.**

જીવમાં વિકાર થવાની લાયકાતરૂપ નૈમિત્તિક દશા હોતી નથી. આમ હોવાથી કર્મ ખરવાં તે સાધક ને વિકારનો નાશ થવો તે સાધ્ય છે.

(૧૯) એક વસ્ત્રનો તાણો પણ રાખવાનો ભાવ છે ત્યાંસુધી મુનિપણાનો ભાવ આવી શકે નહિ. મુનિપણું આવે ને વસ્ત્ર રાખવાનો ભાવ આવે એમ બને નહિ. મોરપીંછ, કમંડળ લેવાનો ભાવ ઊઠે છે તે પણ રાગ છે. જેટલી વૃત્તિ ઊઠી એટલો મમતાભાવ થાય છે ત્યાં રાગ છે એમ સિદ્ધ થાય છે. જેને બિલકુલ રાગ નથી તેને બાહ્ય પરિગ્રહનું નિમિત્ત રહે તેમ બને નહિ. એક પરમાણુ લેવાની વૃત્તિ ઊઠે અથવા આહાર લેવાની વૃત્તિ ઊઠે ત્યાં મમતા રહેલ છે. કેવળીને વીતરાગતા છે તેથી તેમને આહાર લેવાની વૃત્તિ થતી નથી, માટે પરિગ્રહ સાધક છે ને મમતાભાવ સાધ્ય છે.

(૨૦) આત્માની ને તત્ત્વોની વિપરીત દૃષ્ટિ તે સાધક છે, રાગ તે સાધ્ય છે. રાગ તે રાગ છે, સ્વભાવ તે સ્વભાવ છે, નિમિત્ત તે નિમિત્ત છે. એમ સ્વતંત્ર તત્ત્વોની રુચિ કરતો નથી ને પુણ્યથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેનું ફળ સંસારમાં રખડવું છે.

(૨૧) જ્યાં સમ્યક્‌દૃષ્ટિ થવી સાધક છે ત્યાં મોક્ષપદ સાધ્ય છે. વિપરીત અભિનિવેશરહિત સાચાં તત્ત્વોની પ્રતીતિ થવી તે સાધક છે ને તેનું ફળ મોક્ષ છે. દૃષ્ટિમાં ધ્યેય તો દ્રવ્ય છે પણ અહીં પર્યાયમાં કારણ-કાર્ય બતાવે છે.

(૨૨) જ્યાં કાળલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો તે સાધ્ય છે. જ્યાં વર્તમાન પર્યાયનો પુરુષાર્થ સાધક છે ત્યાં દર્શન-જ્ઞાન વગેરે ગુણોનો તેવો જ ભાવ થવો તે સાધ્ય છે.

એકલા કાળ અનુસારની દૃષ્ટિ સાચી હોઈ શકે નહિ. ધર્મીની દૃષ્ટિ કાળ ઉપર નથી. કાળલબ્ધિથી વાત કરી છે તે નિમિત્તથી વાત કરી છે. તે સમયના કાળ ઉપર જેની દૃષ્ટિ છે તેને નિમિત્ત ઉપર દૃષ્ટિ છે પણ મોક્ષમાર્ગી જીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. જે કાળે જે થવાનું છે તે થશે તેમ માનનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. કાળલબ્ધિનો નિર્ણય કરનાર વિકલ્પને, રાગને કે પર્યાયને અનુસરતો નથી પણ સ્વભાવને અનુસરે છે.

કાળ અનુસાર મુક્તિ થશે તેમ માનનારની સિદ્ધિ ક્યારે? તેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોય તો દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. તે ક્યારે સાધ્ય થાય? કાળ ઉપર ને પર્યાય ઉપર નજર જાય છે? જો કાળ ને પરદ્રવ્ય ઉપર નજર કહો તો કાળ અથવા

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**વ્યાપ્યા જેણે અતિ અતિ મહા ભારદ્વારા નભોને,**
**ઉડાડી’તી શઠ કમઠડે રોષથી જે રજોને;**

# આત્મા એવડો મોટો,
# જેનો જગમાં છે નહીં જોટો

અંતરના ઊંડાણમાંથી બધાય સંતો કહે છે કે અહો ! ચૈતન્યતત્ત્વનો મહિમા ઘણો ઊંડો છે. અનંતા ગંભીરભાવોથી ભરેલો આત્મા એવડો મોટો છે કે જગતમાં ક્યાંય એનો જોટો નથી. બધા જ શાસ્ત્રોએ ચૈતન્યની મહાનતાનો મહિમા ગાયો છે, અને  દ્દઢતા વચનથી એનો મહિમા પૂરો પડતો નથી, અનુભવથી જ એનો પાર પમાય છે.

જ્ઞાયકભાવથી ભરેલો, પરમ આનંદથી પૂરો, અને ઇન્દ્રિયોથી પાર એવો મહાન પદાર્થ સ્વયં હું જ છું. આ ચૈતન્યથી ઊંચી કે સુંદર વસ્તુ જ જગતમાં કોઈ નથી-કે જેમાં ઉપયોગ ઠરે–આવા પોતાના જ્ઞાયક મહાત્માને જેણે લક્ષમાં લીધો તે જીવ જગતનો નાયક થયો.

અહા! આત્માનું અચિંત્ય વીતરાગી સામર્થ્ય, એની અચિંત્ય વિશાળતા, એની પરમ શાંતિ–શ્રીગુરૂમુખે જેનું શ્રવણ કરતાં મુમુક્ષુને હર્ષ થાય, જેનું ચિંતન કરતાં હર્ષાનંદ જાગે, અને જેનો અનુભવ કરતાં તો .... ‘‘અહો શી વાત !’’



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય—અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૩) એકત્વ-ભાવના




જીવ પાપ બંધુજનોના હેતુએ તથા શરીરના હેતુએ કરે છે, પરંતુ નરકાદિમાં તેનું ફળ તો તે એકલો જ વેદે છે. (૧૭૫૬)

પોતે કરેલા કર્મના ફળરૂપે રોગાદિ વેદના વેદી રહેલા જીવને નજરે દેખવા છતાં સ્વજનો તેને કંઈ પણ કરતા નથી.(૧૭૫૭)

વળી જીવ એકલો મરે છે, બીજું કોઈ તેનું સાથીદાર થતું નથી. ભોગોને ભોગવવામાં તો સ્વજનો સાથીદાર થાય છે, પરંતુ કર્મના ફળને ભોગવવામાં તેઓ સાથીદાર થતા નથી. (૧૭૫૮)

જીવ જ્યારે પરલોકગમન કરે છે ત્યારે, સ્વજનો ધન તથા દેહાદિને તે અત્યંત ચાહતો હોવા છતાં તે કોઈ તેનું સંગાથી થતું નથી—સાથે જતું નથી. (૧૭૫૯)

આ લોકમાં જીવને જે સ્વજન-બંધુઓ છે તેઓ પરલોકમાં સ્વજનબંધુ થતા નથી; એ જ પ્રમાણે ધન, શરીર કે શય્યા-આસન, વગેરે પરિગ્રહ પણ પરભવમાં પોતાના થતા નથી. (૧૯૬૦)

પરંતુ, જીવે સમ્યક્ત્વ—ચારિત્ર-શ્રુતજ્ઞાનમય જે ધર્મ કર્યો હોય તે પરલોકમાં પણ તેનો સહાયક અને ગુણકારક થાય છે. (૧૭૬૧)

જેમ બંધાયેલા પુરુષને બેડી વગેરે બંધનનો રાગ હોતો નથી; તેમ જ્ઞાનીને દેહમાં રાગ હોતો નથી. તેમજ મહાભયના કારણરૂપ અને વિષ સમાન એવા અર્થોમાં એટલે કે ઈન્દ્રિયવિષયોમાં પણ તેને રાગ હોતો નથી. (૧૭૬૨)

(ઈતિ એકત્વ ભાવના)




### (૪) અન્યત્વ—અનુપ્રેક્ષા

જીવ પોતાથી ભિન્ન એવા અન્ય સંબંધીજનોને દુઃખી દેખીને તેમનો શોચ શા માટે કરે છે ? અને બહુ દુઃખોથી ઘેરાયેલા પોતાના આત્માની ચિંતા તે દુર્બુદ્ધિ કેમ નથી કરતો ? (૧૭૬૩)

અનંત સંસારમાં સ્વકીય કર્મોથી ઘુમી રહેલા જીવોમાં કોણ કોનું સ્વજન છે ? જીવ મોહવડે અન્ય જીવોમાં આસક્તિ કરે છે. (૧૭૬૪)

ભૂતકાળમાં સર્વે પ્રાણીઓ બીજા સમસ્ત પ્રાણીઓના સ્વજન થઈ ચુક્યા છે, અને ભાવિકાળમાં પણ દરેક પ્રાણી બીજા પ્રાણીઓનો સ્વજન થશે. (૧૭૬૫)

જેમ રાત્રે-રાત્રે વૃક્ષે-વૃક્ષે પંખીઓનો સંગમ થાય છે, તેમ જન્મે-જન્મે પ્રાણીઓનો સંગમ થાય છે;—અર્થાત્ પ્રાણીઓનો સંબંધ પંખીમેળા સમાન છે. (૧૭૬૬)

જ્યાં-ત્યાંથી અનેક સ્થાનેથી આવીને પથિકજનો ઉપાશ્રય—ધર્મશાળામાં આશ્રય લ્યે છે ને પછી તે છોડીને ચાલ્યા જાય છે; તેમ મનુષ્યને સર્વે સ્વજનોનો સમાગમ પણ એવા જ (ધર્મશાળામાં વાસ જેવો) સમજવો. (૧૭૬૭)

આ લોકમાં ભિન્ન-ભિન્ન પ્રકૃતિવાળા જીવો છે, તેમાં કોણ કોને સ્વભાવથી પ્રિય હોય ? સૌને પોતાના કામનો સંબંધ છે (સૌ સ્વાર્થના સગાં છે); આ જગતનો સંબંધ તો 'રેતીની મૂઠી' જેવો છે. (૧૭૬૮)

માતા, 'ભવિષ્યમાં આ મને આધારરૂપ થશે' એવા વિચારથી પુત્રને પોષે છે; અને પુત્ર 'આણે મને ગર્ભમાં ધારણ કરીને પોષ્યો' એવા વિચારથી માતાને પોષે છે.(૧૭૬૯)

શત્રુ હોય તે પણ ઉપકાર કરવાથી પાછો મિત્ર થઈ જાય છે; અને પુત્ર પણ અપકાર કરવાથી ક્ષણમાં શત્રુ બની જાય છે; (૧૭૭૦)

—તેથી સંસારમાં કોઈ, કોઈનો સ્વજન કે શત્રુ નથી. જગતમાં જીવો પોતાના કાર્ય અનુસાર (સ્વાર્થ અનુસાર) જીવના સ્વજન કે શત્રુ થાય છે. (૧૭૭૧)

જે જેના હિતમાં પ્રવર્તે છે તે પુરુષ તેનો બાંધવ થાય છે; અને જે જેનું અહિત કરે છે તે તેનો શત્રુ થઈ જાય છે એમ જાણવું. (૧૭૭૨)

સંસારના સ્વજનો તો, જીવને મોક્ષ-અભ્યુદયની પ્રાપ્તિ કરાવનારા ધર્મમાં વિઘ્ન કરે છે, અને તેઓ અતિ ઘણા તીવ્ર દુઃખકર એવા અસંયમ કરાવે છે. (૧૭૭૩)

મુનિધર્મમાં વિઘ્ન કરનારા સ્વજનો પુરુષને શત્રુ સમાન છે. તેઓ અતિ ઘણા તીવ્ર દુઃખકર એવો અસંયમ કરાવે છે. (૧૭૭૪)

પરંતુ સાધુજનો જીવને યતિધર્મમાં ઉદ્યમ જગાડે છે અને તીવ્ર દુઃખકારી અસંયમનો પરિહાર કરાવે છે. (૧૭૭૫)

—માટે, અનેક સુખના હેતુભૂત એવા સાધુજનો જીવના સાચા સ્વજનો છે અને સંસારમાં ડુબાડનારા સ્વજનો તે તો ખરેખર જીવના શત્રુ છે. (૧૭૭૬)

(ઈતિ અન્યત્વ ભાવના)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :–'પરજીવોનું જીવન કે મરણ તેના કારણે થાય છે, હું તેનું કાંઈ ન કરી શકું, હું તો માત્ર જાણનાર છું,' એવી શ્રદ્ધા રાખશે તો જીવનાં પરિણામ નિષ્ઠુર નહિ થઈ જાય?**

ઉત્તર :—અરે ભાઈ, વસ્તુસ્વભાવ જેમ છે તેમ તેની શ્રદ્ધા કરવાનું ફળ તો વીતરાગતા છે. ચૈતન્યસ્વભાવની શ્રદ્ધાપૂર્વક જો દયાદિના પરિણામ છોડીને માત્ર જ્ઞાતા રહેશે તો વીતરાગ થશે. પછી અજ્ઞાનીઓ ભલે તેને નિષ્ઠુર કહે. સંસારમાં પણ એકનો એક વીસ વર્ષનો પુત્ર મરી જાય ત્યાં કાંઈ તેનો બાપ સાથે મરી જતો નથી. તો તેને કેમ નિષ્ઠુરતા કહેતા નથી? એ નિષ્ઠુરતા નથી પણ તે પ્રકારનો વિવેક છે. જગતના જીવો પણ વિકારના લક્ષે નિષ્ઠુર (લાગણી રહિત) થઈ જાય છે. ઘરમાં વીસ વર્ષની જુવાન બાઈ વિધવા થઈ હોય અને ૬૦ વર્ષનો ડોસો વિષયમાં લીન થઈ રહ્યો હોય, જુઓ તો ખરા! તેના પરિણામ કેટલા નિષ્ઠુર છે? અજ્ઞાનીઓ કષાયના લક્ષે નિષ્ઠુર-લાગણીહીન થાય છે, જ્યારે જ્ઞાનીઓ પોતાના ચૈતન્યસ્વભાવના લક્ષે એકાગ્ર થઈને વિકારી લાગણીઓથી રહિત સિદ્ધ થાય છે, તેઓને તો વીતરાગી કહેવાય છે. જે જીવો વિકારી લાગણી કરે છે તે પરને માટે કરતા નથી પણ પોતાને તે જાતનો કષાય હોવાથી તે લાગણી થાય છે. એ લાગણીને જે કરવા જેવી માને—ફરજ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન :—જો વાણીનો કર્તા આત્મા નથી તો 'મુનિઓએ સત્ય વચનો બોલવાં' એમ અહીં આચાર્યદેવે શા માટે કહ્યું?**

ઉત્તર :—સમ્યગ્જ્ઞાનપૂર્વક સત્ય બોલવાનો ભાવ હોય ત્યારે, જો વાણી નીકળે તો તે વાણી સત્ય જ હોય—એવો મેળ બતાવવા માટે નિમિત્તથી કહેવાય કે 'મુનિઓએ સત્ય બોલવું;' તેમાં એવો આશય છે કે, મુનિવરોએ આત્મસ્વરૂપમાં સ્થિર રહીને વાણી તરફનો વિકલ્પ જ થવા ન દેવો, અને જો વિકલ્પ થાય તો અસત્ય વચન તરફનો અશુભરાગ તો ન જ થવા દેવો. પરંતુ 'આત્મા જડ વાણીનો કર્તા છે' એમ કહેવાનો આશય નથી.

**પ્રશ્ન :—વાણીના કર્તા નથી તો મુનિઓ ઉપદેશ કેમ આપે છે?**

ઉત્તર :—મુનિઓ ઉપદેશ દેતા જ નથી. મુનિઓ ઉપદેશને જાણે છે. ભગવાન કહે છે, જિનવર કહે છે—એમ શાસ્ત્રોમાં કથનો આવે છે પણ ભગવાન કહેતા જ નથી.

ભગવાન વાણીને જાણે જ છે. ખરેખર તો સ્વને જ જાણે છે. સ્વ-પર જાણવું સહજ છે. પરની અપેક્ષા જ નથી. જાણવાનો સ્વભાવ જ છે. ભગવાન કુંદકુંદ આચાર્ય કહે કે હું મારા નિજ વૈભવથી કહીશ તમે પ્રમાણ કરજો. અરે ભગવાન! વાણી તમારી નથી ને? વાણીથી જ્ઞાન થતું નથી આહાહા! ગજબ વાત છે, અદ્‌ભુત વાત છે, વસ્તુનું સ્વરૂપ જ અદ્‌ભુત છે. નિમિત્ત-નૈમિત્તિક કથનો એક સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય ન હોય.

પ્રશ્ન :—શરીરની પર્યાય જે કાળે જે થવાની હોય તેને કોણ રોકે? ડૉક્ટર પણ એને શું કરે? જો ડૉક્ટર રોગ મટાડી શકતા ન હોય તો તેણે ધંધો છોડી દેવો જોઈએ?

ઉત્તર :—દૃષ્ટિ અંતર્‌મુખ રાખવી જોઈએ, રાગ આવે લોભ આવે પણ વજન તેની ઉપર જવું ન જોઈએ. વજન અંદરનું જોઈએ.

પ્રશ્ન :—દૃષ્ટિ આ તરફ રાખીને ધંધો કર્યા કરવો ને?

ઉત્તર :—ધંધો કરે શું? કરવું એમ નહિ, રાગ ને લોભના ભાવ આવે એને જાણવું.

---


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

**ફોર્મ નં. ૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૨૧



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—શું પર્યાયનું જ્ઞાન કરતાં ધ્યેયમાં શિથિલતા નહિ આવી જાય?

બહેનશ્રીઃ—પર્યાયનું જ્ઞાન કરતાં જરા પણ શિથિલતા આવતી નથી, જેવું દ્રવ્ય છે એવી શ્રદ્ધા હોય ત્યાં શિથિલતા આવતી નથી. શ્રદ્ધાની–જ્ઞાયકની પરિણતિ (દ્રવ્યે હું જ્ઞાયક છું તે) ચાલુ છે ને પર્યાયમાં દાસત્વ હોય છે–તે બંને સાથે રહે છે, તેમાં જરા પણ ફેર આવતો નથી. પર્યાયમાં દાસત્વ માને છે તેમાં પણ ફેર આવતો નથી. અને પોતે દ્રવ્યે પ્રભુત્વ માન્યું છે તેમાં પણ ફેર નથી આવતો. દાસત્વમાં જરાય ઓછું દાસત્વ નથી, પણ પૂરેપૂરી અર્પણતા છે અને અંદર પ્રભુત્વમાં પણ જરાય મોળપ નથી આવતી. બંને એકસાથે રહે છે. તે પૂરેપૂરી ભક્તિ કરે છે. હું તો ભગવાન જેવો છું, માટે ભક્તિ શું કરવા કરવી? એમ કરીને દાસત્વ ઓછું કરે છે એમ પણ નથી.

મુમુક્ષુઃ—પર્યાયને બહુ યાદ કરવા જઈએ તો દૃષ્ટિ મંદ પડી જાય એવું ન બને?

બહેનશ્રીઃ—જરા પણ એવું બનતું નથી. સાધકને પર્યાય પણ ખ્યાલમાં છે અને દ્રવ્ય પણ ખ્યાલમાં છે. તે બંનેને ખ્યાલમાં રાખીને, જે વખતે જે જાતનો રાગ આવે છે તેમાં જુદો રહે છે. પર્યાયમાં જે પ્રશસ્તરાગ આવે છે તેમાં ભક્તિ આવે છે પણ પોતે જુદો રહે છે. દૃષ્ટિનું જોર બરાબર ટકી રહે છે.

મુમુક્ષુઃ—શું રાગથી જુદો રહીને તેનું બરાબર જ્ઞાન કરે છે?

બહેનશ્રીઃ—રાગથી જુદો રહીને તેનું જ્ઞાન કરે છે અને ભક્તિ પણ આવે છે–બંને સાથે થાય છે. એકલું જ્ઞાન કરે છે એમ નથી, ભક્તિ પણ આવે છે. ચક્રવર્તીરાજા પોતે ભાવના ભાવે છે અને પોતે આહાર આપે છે, માણસોને હુકમ કરે એમ નહિ. પોતાને સ્વયં એવી ભાવના આવે છે અને વર્તન પણ એવું થાય છે. નિશ્ચય-વ્યવહારની સંધિ છે. તે બંને કેમ સાથે રહેતા હશે! એમ અટપટું લાગે, પણ તે બંને પરિણતિમાં સાથે રહે છે. અટપટી વાત લાગે, પણ બંને પરિણતિમાં સાથે રહે છે.

મુમુક્ષુઃ—પર્યાય અપેક્ષાએ ૧૦૦ ટકા દાસત્વ સ્વીકારે અને પાછું દ્રવ્ય અપેક્ષાએ ૧૦૦ ટકા પરમાત્મા છું તેમ પણ સ્વીકારે?

બહેનશ્રીઃ—૧૦૦ ટકા દાસત્વ અને ૧૦૦ ટકા પરમાત્મપણું—બંને સ્વીકારે છે અને ભેદજ્ઞાનની ધારા ચાલે છે, દ્રવ્ય ઉપર જોર રહે છે અને પર્યાયમાં દાસત્વ વર્તે છે. ઉપયોગમાં તે કાર્ય કરે છે અને પરિણતિ જોરદાર વર્તે છે.

*પ્રશ્ન :*—પોતાને કાર્ય કઈ રીતે કરવું તે સમજાતું નથી. જ્ઞાનમાં સમજાય છે, અંદર શ્રદ્ધામાં પલટાવવું જોઈએ તે કઈ રીતે કરવું તે પકડાતું નથી? તો તે વિષે કૃપા કરીને માર્ગદર્શન આપો.

**સમાધાન :**—શ્રદ્ધા પલટાવવાનું કાર્ય તો અંદરથી શ્રદ્ધા પલટે તો થાય ને? તે બહિર્લક્ષે બહારમાં બધું કર્યા કરે છે, પણ અંતર પરિણમન પલટાવે, યથાર્થ શ્રદ્ધા કરે તથા જેવો સ્વભાવ છે તેવો અંદરથી ઓળખે તો કાર્ય થાય. અંતરની શ્રદ્ધા અંતર પલટાથી થાય. તે બહારથી વિચારથી નક્કી કરે, તો પણ અંતરમાં પલટવું તે રહી જાય છે. બહારથી તો બધું કરે છે, પણ અંદરની તીવ્ર રુચિ અને લગની લાગે તો કાર્ય થાય. અંતર પલટો કરવો તે પોતાના હાથની વાત છે, પોતે કરે તો થાય. અર્થાત્ જ્ઞાનસ્વભાવને ઓળખી પુરુષાર્થ કરે તો થાય.

*પ્રશ્ન :*—સમ્યગ્દર્શનનો વિષય ઉપાદેય છે કે સમ્યગ્દર્શન ઉપાદેય છે?

**સમાધાન :**—સમ્યગ્દર્શન પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે, પણ ખરી રીતે તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવદ્રવ્ય છે તે ઉપાદેય છે અર્થાત્ ધ્રુવદ્રવ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે અને પર્યાય ઉપર દૃષ્ટિ કરવાની હોતી નથી. દૃષ્ટિ તો ધ્રુવદ્રવ્ય ઉપર કરવાની હોય છે, માટે વાસ્તવિક રીતે ઉપાદેય તો પરમ પારિણામિક ભાવ સ્વરૂપ અનાદિ-અનંત ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા યોગ્ય છે, પણ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી. એ તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે ધ્રુવદ્રવ્ય પરમ પારિણામિક ભાવ સ્વરૂપ જે આત્મા છે તે—ગ્રહણ કરવા યોગ્ય છે,—ઉપાદેય છે. સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન આદિ પ્રગટ કરવાની અપેક્ષાએ બધું ઉપાદેય છે; પણ તેના ઉપર દૃષ્ટિ કરવાથી સુખ પ્રગટ થતું નથી. તેથી વાસ્તવિક ઉપાદેય ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ-આનંદ પ્રગટ થાય છે, માટે તે ઉપાદેય છે. આમ બંનેની અપેક્ષાઓ જુદી છે. સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન વગેરે બધું ઉપાદેય છે, પણ તે પર્યાય હોવાથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી સુખ પ્રગટ થતું નથી. ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી પ્રગટ થાય છે, માટે ધ્રુવ ઉપાદેય છે.

આ રીતે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને કોઈ અપેક્ષાએ ધ્રુવ ઉપાદેય છે. તે બંને ઉપાદેય છે, પણ અપેક્ષા જુદી છે. એક વ્યવહાર છે અને એક નિશ્ચય છે. પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

## બાળ વિભાગ

# ૫. ઉપગૂહન—અંગનું વર્ણન

પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે, સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે તથા ગુણની—ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે—આવો ભાવ તે સમ્યગ્દૃષ્ટિનું ઉપગૂહન અંગ છે; તેને ઉપબૃંહણ પણ કહેવાય છે.

ધર્માત્માને નિર્માનતા હોય છે એટલે કે પોતાના ગુણ જગતમાં પ્રસિદ્ધ થાય ને પૂજાય એવી ભાવના તેને હોતી નથી; તથા કોઈ સાધર્મીના દોષ પ્રસિદ્ધ કરીને તેને હલકો પાડવાની ભાવના હોતી નથી; પણ ધર્મ કેમ વધે, ગુણની શુદ્ધિ કેમ વધે તેની ભાવના હોય છે. કોઈ અજ્ઞાની કે અશક્તજનોદ્વારા પવિત્ર રત્નત્રયમાર્ગની નિંદાનો પ્રસંગ ઊભો થાય તો ધર્મી તેને દૂર કરે છે, ધર્મની નિંદા થવા દેતા નથી. દોષને દૂર કરવો ને વીતરાગગુણોની વૃદ્ધિ કરવી તે સમ્યક્ત્વનું અંગ છે, એટલે સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ સહેજે હોય છે. જેમ, માતાને પોતાનો પુત્ર વહાલો છે એટલે તે તેની નિંદા સહન કરી શકતી નથી. તેથી તેના દોષ છુપાવીને ગુણ પ્રગટે તેમ ઇચ્છે છે તેમ, ધર્મીને પોતાનો રત્નત્રયધર્મ વહાલો છે, તેથી રત્નત્રયમાર્ગની નિંદાને તે સહી શકતો નથી, એટલે ધર્મની નિંદા દૂર થાય ને ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવો ઉપાય તે કરે છે. દોષને ઢાંકવા—દૂર કરવા અને ગુણને વધારવા—એ બંને વાત પાંચમા અંગમાં આવી જાય છે, તેથી તેને ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ધર્માત્મા નિજગુણને ઢાંકે એટલે કે બહારમાં પ્રસિદ્ધિની કામના ન કરે. મારા આત્મામાં મારું કામ થઈ રહ્યું છે—તે બીજાને દેખાડવાનું શું કામ છે? બીજા લોકો મારા ગુણને જાણે તો ઠીક—એવું કાંઈ ધર્મીને નથી. ધર્મી પોતાના આત્મામાં તો પોતાના ગુણની પ્રસિદ્ધિ (પ્રગટ અનુભૂતિ) બરાબર કરે, પોતાના સમ્યક્ત્વાદિ ગુણોને પોતે નિઃશંક જાણે પણ બહારમાં બીજા પાસે તે ગુણોની પ્રસિદ્ધિ વડે માન—મોટાઈ મેળવવાની બુદ્ધિ ધર્મીને હોતી નથી તેમજ બીજા ધર્માત્માઓના દોષને પ્રસિદ્ધ કરીને તેની નિંદા કરવાનો કે તેને હલકો પાડવાનો ભાવ ધર્મીને હોતો નથી; પણ તેના સમ્યક્ત્વાદિ ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા કરે છે. આ રીતે ગુણની પ્રીતિ વડે પોતામાં ગુણને વધારતો જાય છે ને અવગુણને ઢાંકે છે તથા પ્રયત્ન વડે તેને દૂર કરે છે.

ધર્મીને પોતાને ગુણ ગમે છે ને દોષ ગમતા નથી. બીજા કોઈ ધર્માત્મામાં હીનશક્તિવશ કોઈ દોષ થઈ ગયો હોય તો તે બહાર પાડીને તિરસ્કાર ન કરે પણ યુક્તિથી તેને સુધારે. પણ, આનો અર્થ એવો નથી કે મિથ્યાદૃષ્ટિ ગમે તેવા વિપરીત કુમાર્ગનું

પ્રતિપાદન કરે તોપણ તેની ભૂલ પ્રસિદ્ધ ન કરે ! મિથ્યામતોમાં તત્ત્વની કેવી વિપરીતતા છે, મિથ્યાદૃષ્ટિ જીવ કેવી–કેવી ભૂલ કરે છે તે તો બરાબર બતાવે અને સાચું તત્ત્વ કેવું છે તે સમજાવે. જો એમ ન કરે એટલે કે કુમાર્ગનું ખંડન કરીને સત્યમાર્ગનું સ્થાપન ન કરે તો જીવો હિતનો માર્ગ ક્યાંથી જાણે ? સાચા ખોટાની ઓળખાણ કરાવવી તેમાં કાંઈ કોઈની નિંદાનો ભાવ નથી. જીવોના હિત માટે સત્યમાર્ગની પ્રસિદ્ધિનો અને અસત્યના નિષેધનો ભાવ તો ધર્મીને આવે છે. ધર્મની નિંદા થતી હોય, દેવ–ગુરુની નિંદા થતી હોય–એવા પ્રસંગે ધર્માત્મા પોતાની શક્તિથી તે દૂર કરે છે.

બધા ધર્મીજીવોના ઉદયભાવ એકસરખા હોતાં નથી. શ્રદ્ધા બધાની સરખી હોય પણ ઉદયભાવ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈની પ્રકૃતિમાં ફેર હોય, ક્રોધ–માનાદિ દોષ (ભૂમિકા અનુસાર) થઈ જતા હોય–ત્યાં તેની મુખ્યતા કરીને શાસનની નિંદા ન થવા દે ! એ તો ધર્માત્મા છે, જિનેશ્વરદેવના ભક્ત છે, આત્માના અનુભવી છે, સમ્યગ્દૃષ્ટિ છે–એમ ગુણને મુખ્ય કરીને દોષને ગૌણ કરી નાંખે છે, ધર્મની કે ધર્માત્માની નિંદા થવા દેતા નથી. અહા ! આ તો પરમ પવિત્ર જૈનમાર્ગ...એકલી વીતરાગતાનો માર્ગ ! કોઈ અજ્ઞાની જનો તેની નિંદા કરે તેથી કાંઈ તે મલિન થઈ જતો નથી. આવા માર્ગની શ્રદ્ધામાં સમ્યગ્દૃષ્ટિજીવ અત્યંત નિષ્કંપ વર્તે છે. તલવારની તીખી ધાર જેવી તેની શ્રદ્ધા મિથ્યાત્વની કુયુક્તિઓને હણી નાંખે છે. કોઈ પણ કુયુક્તિઓ વડે તેની શ્રદ્ધા ચલાયમાન થતી નથી. આવા માર્ગને જાણીને જે ધર્મી થયો છે એવા જીવને કોઈ દોષ થઈ જાય તો તેના ઉપગૂહનની આ વાત છે. જ્યાં ગુણ અને દોષ બંને હોય તેમાં ગુણની મુખ્યતા કરીને દોષને ગૌણ કરવો તે ઉપગૂહન છે. પણ જ્યાં સાચો માર્ગ હોય જ નહીં અને મિથ્યામાર્ગને જ ધર્મ મનાવી રહ્યા હોય તેને તો જગતના હિત માટે પ્રસિદ્ધ કરીને બતાવે કે આ માર્ગ ખોટો છે, દુઃખદાયક છે માટે તેનું સેવન છોડો અને પરમ સત્ય વીતરાગ જૈનમાર્ગને સેવો ! પોતામાં પણ રત્નત્રયધર્મની શુદ્ધિ જેમ વધે તેમ કરે. દુનિયા સાથે મારે કામ નથી, મારે તો આત્મામાં શુદ્ધતા વધે ને વીતરાગતા થાય તે જ પ્રયોજન છે. આવી ભાવનાપૂર્વક ધર્મી પોતામાં ધર્મની વૃદ્ધિ કરે છે, તેને ઉપબૃંહણગુણ કહેવાય છે.

ધર્મી જાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે–તે હું જાણું છું, દુનિયાને દેખાડવાનું શું કામ છે ? શું દુનિયા માને તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ વધે છે ? ને દુનિયા ન દેખે તેથી મારા ગુણની શુદ્ધિ અટકી જાય છે ?—ના; મારા ગુણ તો મારામાં છે. આમ, ધર્મી પોતાના ગુણનો ઢંઢેરો જગત પાસે નથી પીટતા. કોઈ ધર્માત્માના ગુણોની સહેજે પ્રસિદ્ધિ થાય તે જુદી વાત છે, પણ ધર્મીને તો પોતામાં જ સમાવાની ભાવના છે; 'દુનિયામાં બહાર પડવાનું શું કામ છે ?' દુનિયા સ્વીકારે તો જ મારા

ગુણ સાચા—એવું કાંઈ નથી ને દુનિયા ન સ્વીકારે તેથી કાંઈ મારા ગુણને નુકસાન થઈ જતું નથી. મારા ગુણ કાંઈ મેં દુનિયા પાસેથી નથી લીધા, મારા આત્મામાંથી જ ગુણ પ્રગટ કર્યા છે, એટલે મારા ગુણમાં દુનિયાની અપેક્ષા મને નથી. આમ, ધર્મી જગતથી ઉદાસ ને નિજગુણમાં નિઃશંક વર્તે છે.

કોઈને વિશેષ જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, જ્ઞાનની શુદ્ધિ સાથે લબ્ધિઓ પણ પ્રગટે, ઘણા મુનિઓને વિશેષ લબ્ધિઓ પ્રગટે, અવધિ—મનઃપર્યયજ્ઞાન પણ થાય છતાં જગતને તેની ખબર પણ ન પડે; એ તો પોતાના આત્માની સાધનામાં મશગુલ વર્તતા હોય. પોતામાં ગુણોની પ્રસિદ્ધિ થઈ ત્યાં આત્મા પોતે પોતાથી જ સંતુષ્ટ ને તૃપ્ત છે. પોતાના ગુણના શાંતરસને પોતે વેદી જ રહ્યો છે, ત્યાં બીજાને બતાવવાનું શું કામ છે ? ને બીજા જીવો પણ તેવી અંતર્દૃષ્ટિ વગર ગુણને ક્યાંથી ઓળખશે ? આ રીતે ધર્મી પોતાના ગુણોને પોતામાં ગુપ્ત રાખે છે ને બીજા સાધર્મીના દોષને પણ ગોપવીને તે દોષ દૂર કરવાનો ઉપાય કરે છે. ભાઈ ! કોઈના અવગુણ પ્રસિદ્ધ થાય તેથી તને શું લાભ છે ? અને એનાં અવગુણ પ્રસિદ્ધ ન થાય તેથી તને શું નુકસાન છે ? 'ભેંસના શિંગડાં ભેંસને ભારે,' 'જે કરે તે ભોગવશે'— તેમ સામાના ગુણ—દોષનું ફળ એને છે, એમાં તારે શું ? માટે સમાજમાં જે રીતે ધર્મની નિંદા ન થાય ને પ્રભાવના થાય તથા પોતાના ગુણોમાં વૃદ્ધિ થાય તે રીતે ધર્મી પ્રવર્તે છે.

કોઈ સાધર્મીથી કોઈ દોષ થઈ ગયો હોય ને ખ્યાલમાં આવી જાય તો તેનો ફંફેરો ન કરે, તિરસ્કાર ન કરે પણ ગુપ્તપણે બોલાવીને પ્રેમથી સમજાવે કે જો ભાઈ ! આપણો જૈનધર્મ તો મહાન પવિત્ર છે. મહાભાગ્યે આવો ધર્મ મળ્યો છે, તેમાં તારાથી આવો દોષ થઈ ગયો પણ તું મુંઝાઈશ નહીં, તારા આત્માના શ્રદ્ધા—જ્ઞાનમાં દૃઢ રહેજે. જિનમાર્ગ મહા પવિત્ર છે, અત્યંત ભક્તિથી તેની આરાધના વડે તારામાં દોષને છેદી નાંખજે. આમ, પ્રેમથી તેને ધર્મનો ઉત્સાહ જગાડીને તેના દોષ દૂર કરાવે છે. દોષને છૂપાવવામાં કાંઈ તેને દોષને ઉત્તેજન આપવાનો હેતુ નથી પણ તિરસ્કારથી તે જીવ નિરુત્સાહિત થઈ ન જાય ને બહારમાં ધર્મની નિંદા ન થાય તે હેતુ છે તથા ગુણની પ્રીતિ વડે શુદ્ધતાનો હેતુ છે. આવું ધર્મીનું ઉપગૂહન તથા ઉપબૃંહણ અંગ છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૬ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

તે વ્યવહાર એવો નથી કે કાંઈ છે જ નહિ, એમ નથી. સમ્યગ્દર્શન આદિ અનંત શુદ્ધપર્યાય વેદનમાં આવે છે તેથી ઉપાદેય છે. પરંતુ તે અનંતપર્યાય ધ્રુવને ગ્રહણ કરવાથી વેદનમાં આવે છે. માટે ખરેખર ધ્રુવ ઉપાદેય છે. સમ્યગ્દર્શન સર્વથા ઉપાદેય નથી એમ નથી, તે ઉપાદેય છે, પણ તે વ્યવહાર અપેક્ષા છે અને ધ્રુવ ઉપાદેય છે તે નિશ્ચય અપેક્ષા છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૨૫ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૨૫ થી ૬-૪૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## ૨૦મી બાળ સંસ્કાર શિબિર ઓનલાઈન સંપન્ન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી ડિસેમ્બર મહિનાના વેકેશનમાં અધ્યાત્મ બાળ શિક્ષણ શિબિરનું આયોજન પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય ભગવતી માતાની સાધનાભૂમિ સુવર્ણપુરી સોનગઢમાં થાય છે.

આ વર્ષે કોરોનાની વિકટ પરિસ્થિતિના કાળમાં આ શિબિરનું આયોજન તા. ૨૫-૧૨-૨૦૨૦ થી ૩૦-૧૨-૨૦૨૦ સુધી છ દિવસ **Zoom App** દ્વારા **online** કરવામાં આવેલ હતું. શિબિરનું આયોજન "જ્ઞાન અને વૈરાગ્ય" વિષય પર આધારિત હતું. આપણી સંસ્થાના વિદ્વાનો તથા પાઠશાળાના અધ્યાપકો સમગ્ર ભારતવર્ષથી જોડાયેલ હતા. તેમના દ્વારા ૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના બાળકો તથા વડીલો માટે પાંચ ક્લાસ એક સાથે **online** ચાલતા હતા.

આ શિબિરમાં લગભગ ૮૫૦ થી વધારે રજીસ્ટ્રેશન થયેલ હતાં. આ શિબિરમાં સ્વયંસેવક તરીકે લગભગ ૪૦ થી વધારે યુવા કાર્યકરો જોડાયેલ હતા.

આ શિબિરમાં ગુરુદેવશ્રીના વૈરાગ્ય પ્રવચનો તથા સુરેન્દ્રનગર, અમદાવાદ, સનાવદ, પાર્લા, નાઈરોબી, મલાડ, બોરીવલી વગેરે મંડળો દ્વારા પૂજા-ભક્તિનું આયોજન કરેલ હતું. તથા વિવિધ વિષયો જેમકે જૈન પર્વ, રામાયણ, ઈષ્ટોપદેશ આધારિત વૈરાગ્ય પ્રસંગ, ચાર અનુયોગ, ગુરુદેવશ્રીના વચનામૃત, સાધના અને વાણી વગેરે પર ક્લાસ ચાલતા હતા. દરરોજ રાત્રે વિવિધ કાર્યક્રમો જેમકે ધાર્મિક હાઉસી, ધાર્મિક ક્વિઝ, ગુરુદેવશ્રીના જીવન આધારિત ક્વિઝ તથા ગુરુદેવશ્રીના સમયના પાઠશાળાના બાળકો (અત્યારે આપણા વડીલ મુમુક્ષુ) તેમની લાઈવ મુલાકાત તથા જૂના પ્રસંગો વાગોળી તે વખતની શિબિરના પ્રસંગનું યાદગાર લાઈવ પ્રોગ્રામનું આયોજન કરેલ.

આ કાર્યક્રમમાં સમગ્ર ભારતવર્ષથી તથા વિદેશથી પણ આપણા મુમુક્ષુઓ જોડાયેલ હતા. આ શિબિરના સ્થાયી સ્પોન્સર અમેરિકાના ગ્રાંડ રેપીડ ગ્રુપ તથા રાજુલ શાહ છે.

## વૈરાગ્ય સમાચાર :–

* કચ્છ નિવાસી બિપીનચંદ્ર વ્રજલાલ શાહ (ઉ.વ. ૬૩)નું તા. ૧૭-૧૨-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વિંછીયા નિવાસી (હાલ બોટાદ) વનિતાબેન પ્રાણલાલ બોટાદરા (ઉ.વ. ૮૩)નું તા. ૧૮-૧૨-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી પ્રવચનકાર પં. શ્રી ઈન્દુભાઈ રતીલાલ સંઘવી (ઉ.વ. ૮૫) તા. ૨૧-૧-૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ મોરબી મંદિરના સ્થાપક હતાં. હમેશા પ્રવચન કરતાં હતાં. તેઓ અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતીમાતાનો લાભ લેતા હતા.
* લાઠી નિવાસી (હાલ કોલકાતા) આત્માર્થી ભાઈ શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી(ઉ.વ. ૯૦)નું તા. ૨૪-૧-૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* જાળીલાના વતની (હાલ-ઘાટકોપર-મુંબઈ) શ્રીમતી મંજુલાબેન પ્રતાપભાઈ ડેલીવાળા (ઉ.વ. ૮૨)નું દેહ પરિવર્તન થયેલ છે.
* દાદર-મુંબઈ નિવાસી પુષ્પાબેન મનસુખલાલ દોશી(પુષ્પામાસી)ના સૌથી નાના પુત્ર શ્રી નગીનભાઈ મનસુખલાલ દોશી (ઉ.વ. ૭૧)નું તા. ૧-૨-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. (હજુ હમણાં ૧૫ દિવસ પહેલાં જ પુષ્પામાસીનો દેહ પરિવર્તન થયો હતો.)
* નૈરોબી નિવાસી શ્રી રાયચંદભાઈ દેવેનભાઈ શાહ (ઉ.વ. ૯૬)નું તા. ૪-૨-૨૦૨૧નાં લાંબી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતા પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. હમેશા સોનગઢમાં જ દાન દેવાની તેમની ભાવના રહેતી હતી. તેમણે સોનગઢમાં નિર્માણાધીન જંબૂદ્વીપના શિલાન્યાસનો અમૂલ્ય લાભ લીધો હતો.
* આપણા સોનગઢ, દાદર, પાર્લાના વડીલ મુરબ્બી આત્માર્થી મુમુક્ષુ શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહનું (ઉ.વ. ૯૧) (–જેઓ તત્ત્વરસિક શ્રી નેમિષભાઈ તથા શ્રી કેતનભાઈના માતુશ્રી તથા મુ. વડીલ શ્રી અનંતમામાનાં બહેન) શાંત પરિણામ સહિત તા. ૫-૨-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતા પ્રત્યે અપાર શ્રદ્ધા-ભક્તિ ધરાવતાં હતાં. દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના થાય તેની ઉત્કૃષ્ટપણે ભાવના રહેતી હતી. તબિયત સારી હતી ત્યારે અવારનવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતાં. તેઓ ઉદાર, શાંત સ્વભાવી તથા બધા મુમુક્ષુઓ પ્રત્યે લાગણી અને પ્રેમ ધરાવતા હતાં.
* પાર્લા મંડળના મુમુક્ષુ શ્રી મનોજભાઈ ગિરીશભાઈ દોશીનાં ધર્મપત્ની કવિતાબેન (ઉ.વ. ૫૧)નું તા. ૫-૨-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* ફતેપુર નિવાસી (હાલ-પાર્લા, મુંબઈ) શ્રી બાબુલાલ છોટાલાલ ગાંધીનું દેહ પરિવર્તન તા. ૯-૨-૨૦૨૧ના શાંત પરિણામથી થયેલ છે.
* દાદર-મુંબઈ નિવાસી છાયાબેન દિલીપભાઈ કોઠારી(ઉ.વ. ૬૧)નું દેહપરિવર્તન તા. ૧૭-૨-૨૦૨૧ના થયેલ છે.
* સોનગઢ નિવાસી કુસુમબેન નવલચંદ બાવીશી (ઉ.વ. ૯૪)નું તા. ૧૮-૨-૨૦૨૧ના રોજ જામનગર મુકામે દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૯૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) ચૌદમા ગુણસ્થાનનું નામ .......................... ગુણસ્થાન કહેવાય છે.

(૨) કર્મભૂમિના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ...................... હોય છે.

(૩) મુનિરાજ ...................... દોષ અને ...................અંતરાય ટાળીને આહાર કરે છે.

(૪) પાંચમી કરણલબ્ધિ થતાં જીવને ...................... અવશ્ય થાય છે.

(૫) અરિહંત પરમાત્માને ......................ગુણસ્થાન હોય છે.

(૬) દ્રવ્યકર્મની .............................. કર્મપ્રકૃતિ હોય છે.

(૭) આત્મપ્રાપ્તિની ભાવના સફળ થાય તે માટે ....................... અનુયોગના અભ્યાસની જરૂર છે.

(૮) સમયસારની પાંચમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવે (૧)............... (૨) ............. આત્મા દર્શાવવાની પ્રતિજ્ઞા કરી છે.

(૯) દેહ ક્ષણે ક્ષણે ....................ની સન્મુખ (સમીપ) જઈ રહ્યો છે.

(૧૦) આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ...................... સાગરોપમની હોય છે.

(૧૧) ધર્મ પ્રગટાવવા માટે ................... નય આદરણીય છે.

(૧૨) જંબૂદ્વીપમાં આપણું ..................... ક્ષેત્ર આવેલું છે.

(૧૩) જગતમાં જીવને અહિતકારી પોતાને ...................... ભાવ છે.

(૧૪) સમ્યગ્દષ્ટિ જીવ મરીને નિયમથી ..................... ગતિમાં જાય છે.

(૧૫) દ્રવ્યલિંગી મુનિ કરતા ......................... ગૃહસ્થ શ્રેષ્ઠ છે.

(૧૬) મોક્ષમાર્ગની શરૂઆત ......................... ગુણસ્થાનથી થાય છે.

(૧૭) તીર્થંકર માતાની સેવા કરવા ................... કુમારિકા દેવીઓ હોય છે.

(૧૮) સમ્યગ્દષ્ટિ જીવ મુનિ થયા પહેલા .................. ની જ ભાવના ભાવે છે.

(૧૯) જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ ................... છે.

(૨૦) અશુભમાંથી સીધો .................... ભાવ ન થાય.

## (૯૧) બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) મોહ અને ક્ષોભ રહિત આત્માના પરિણામ તેને ................ કહે છે. (દર્શન, જ્ઞાન, ચારિત્ર)

(૨) જેના આધારે કાર્ય કરવામાં આવે તેને ................ કહે છે. (સંપ્રદાન, અધિકરણ, કરણ)

(૩) છએ દ્રવ્યો તથા તેમના ગુણ-પર્યાયની સ્વતંત્રતાની મર્યાદા ................ ગુણથી છે. (પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ)

(૪) અવસ્થા, દશા એ .................ના બીજા નામ છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૫) જન્મના ............... ભેદ છે. (ત્રણ, ચાર, સાત)

(૬) ઈશ્વરે જગત બનાવ્યું નથી એ .................. ગુણના કારણે કહી શકાય. (વસ્તુત્વ, પ્રદેશત્વ, અસ્તિત્વ)

(૭) પ્રથમ કામદેવ બાહુબલી .............થી સિદ્ધ થયા છે. (પોદનપુર, સિદ્ધવરકૂટ, કૈલાસપર્વત)

(૮) ભગવાનની દિવ્યધ્વનિ ............. દ્રવ્યની પર્યાય છે. (જીવ, પુદ્‌ગલ, કાળ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ ............. વર્ષની ઉંમરે બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરેલ. (૨૪, ૧૯, ૨૨)

(૧૦) આહારાદિ સંજ્ઞાઓ કુલ ............. છે. (ચાર, ત્રણ, છ)

(૧૧) આત્માના શુદ્ધભાવનું નિમિત્ત પામીને કર્મનું આવવું સ્વયં અટકવું તેને ............. કહે છે. (સંવર, નિર્જરા, આસ્રવ)

(૧૨) અઢારમા હનુમન્ત કામદેવ ..................થી સિદ્ધ થયા છે. (પોદનપુર, તુંગીગિરિ, સિદ્ધવરકૂટ)

(૧૩) કલ્પકાળ .......... કોડાકોડી સાગરોપમનો હોય છે (૧૦, ૨૦, ૧)

(૧૪) ............. એ જીવનો પ્રતિજીવીગુણ છે. (જીવત્વ, સૂક્ષ્મત્વ, ભવ્યત્વ)

(૧૫) વર્તમાન અવસર્પિણીકાળના અંતિમ નારાયણ .................. થયા હતા. (શ્રીકૃષ્ણ, લક્ષ્મણ, ત્રિપૃષ્ઠ)

(૧૬) વિમલનાથ ભગવાન સમ્મેદશિખરની ............. ટૂંક ઉપરથી મોક્ષ ગયા છે. (પ્રભાસ, સુવીર, મોહન)

(૧૭) શ્રી ઋષભદેવને મુનિદશામાં શ્રેયાંસ રાજા દ્વારા પ્રથમ આહારદાન ..................માં આપવામાં આવેલ. (વારાણસી, હસ્તિનાપુર, કંપીલા )

(૧૮) સમય, પલ, ઘડી, દિવસ, મહિના વગેરે કાળદ્રવ્યના પર્યાયોને ................ કહે છે. (વ્યવહારકાળ, નિશ્ચયકાળ, કલ્પકાળ)

(૧૯) ............ ભગવાનના ગર્ભ, જન્મ, તપ અને કેવળજ્ઞાન એ ચાર કલ્યાણકો રાજગૃહી નગરીમાં થયા હતા. (પદ્મપ્રભુ, મુનિસુવ્રતનાથ, વાસુપૂજ્ય)

(૨૦) વેદનીયકર્મના અભાવપૂર્વક .............. ગુણનો શુદ્ધપર્યાય પ્રગટ થાય છે. (અગુરુલઘુ, અવ્યાબાધ, અવગાહનત્વ)

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી– ૨૦૨૧ના ઉત્તર

(૧) અસંખ્ય –ઉદયભાવ – જ્ઞાનની
(૨) ભાવલિંગી
(૩) સાત
(૪) વિકાર કરે એવો
(૫) અનાદિ અનંત
(૬) સાદિ શાંત
(૭) સાદિ અનંત
(૮) (૧) શબ્દાર્થ
(૨) મતાર્થ
(૩) આગમાર્થ
(૪) ભાવાર્થ
(૫) નયાર્થ
(૯) મન
(૧૦) અનંત
(૧૧) અસંખ્યાત
(૧૨) અનંત
(૧૩) ત્રિલોકમંડન
(૧૪) ચોથું
(૧૫) પંચમ
(૧૬) ચૌદ
(૧૭) વ્યાપ્ય-વ્યાપકપણું
(૧૮) પાંચે ઈન્દ્રિયોનાં
(૧૯) શ્રદ્ધા – નિર્મળ
(૨૦) ચારિત્ર – શુદ્ધ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૧ના ઉત્તર

૧) ઉપકરણ
૨) અવિરતિ
૩) અશુભોપયોગ
૪) શોક
૫) સ્વયંપ્રભસ્વામી
૬) સમ્યક્દર્શન
૭) રાજગૃહી
૮) એક
૯) મનઃપર્યયજ્ઞાન
૧૦) વિપર્યય
૧૧) સ્વસ્તિક
૧૨) બહિરાત્મા
૧૩) ઉત્તમ
૧૪) વિકલત્રય
૧૫) ૨૪
૧૬) ઉલ્કાપાત
૧૭) પુદ્ગલ
૧૮) સાત
૧૯) પુરાણ
૨૦) વૈનયિક

**તેથી છાયા પણ તમતણી ના હણાણી જિનેશ !**
**દુરાત્મા એહજ રજ થકી તે ગ્રસાયો હતાશ. ૩૧.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—આત્માનો સાક્ષાત્કાર કરવો છે પણ કેમ કરવો ? તે પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તર :—ચૈતન્યસ્વભાવનો મહિમા કોઈ અચિંત્ય છે એમ અંદરથી મહિમા આવે તો સ્વ તરફ પુરુષાર્થ ઉપડે. ખરેખર તો જે પર્યાય પરલક્ષી છે તેને સ્વલક્ષી કરવી એમાં મહાન પુરુષાર્થ છે. ભાષા ભલે ટૂંકી કરી નાખી કે દ્રવ્ય તરફ વળ, ધ્રુવ તરફ વળ—એમ ભાષા સહેલી ને ટૂંકી કરી પણ તેમાં પુરુષાર્થ મહાન છે. ભલે શાસ્ત્રજ્ઞાન કરે, ધારણાજ્ઞાન કરી લે પણ પર્યાયને સ્વલક્ષમાં વાળવી એ પુરુષાર્થ અનંત છે, મહાન અપૂર્વ પુરુષાર્થ છે. ૪૪૬.

● જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ સ્થાપ ને ! પર્યાય ઉપર શું કામ જોર દે છો ? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ, એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો ? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે ? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને ! ૪૪૭.

● સમ્યગ્દૃષ્ટિ જીવ-અજીવ-આસ્રવ-બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ બંધના પરિણામ આવે પણ સમ્યગ્દૃષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતા-દૃષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણીને શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભભાવો આવે છે. પણ સમ્યગ્દૃષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદૃષ્ટિ જીવો જીવ-અજીવના ભેદ જાણતા નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા (પોતારૂપ) જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે. તેવા અજ્ઞાની જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ૪૪૮.

● આત્માને જાણવા માટે પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂલ પરિણામથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. અજ્ઞાનીને અગિયાર અંગનું જ્ઞાન થઈ જાય છે તોપણ તેનો ઉપયોગ સૂક્ષ્મ નથી, સ્થૂલ છે. આત્મા સ્થૂલ પરિણામોથી જાણવામાં આવતો નથી. સૂક્ષ્મ એવા આત્માને જાણવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. ૪૪૯.

● એકાન્તે દુઃખના જોરથી રાગ છૂટો પડી શકે એમ બનતું નથી પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના—જાણ્યા વિના જાય ક્યાં ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે. ૪૫૦.

૩૬
આત્મધર્મ
માર્ચ-૨૦૨૧
અંક-૭ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-3-2021
Posted on 1-3-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org